# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions




## મા કૂષ્માંડા
‘કુ’ એટલે નાનું, ‘ઉષ્મા’ એટલે ગરમી કે ઊર્જા, અને ’અંડ’ એટલે બ્રહ્માંડીય ઈંડું. પોતાના મંદ હાસ્ય દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ કરવાને કારણે તેમને ‘કૂષ્માંડા’ કહેવામાં આવે છે.


**Year :** 04, **Issue :** 140, Dt. 14-10-2026 (WEDNESDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789




### રાહુલ ગાંધી સાથે પ્રેસ કોન્ફરન્સમાં પહોંચ્યા ઘાયલ વિદ્યાર્થીઓ

# વિદ્યાર્થિનીનો આરોપ
# પોલીસે પ્રાઈવેટ પાર્ટ પર માર્યું









## વિદ્યાર્થીનીએ સંભળાવી આપવીતી : તમામ પુરાવા સાચવી રાખો, દોષિતોને સજા મળશે : રાહુલ

### મહિલા પોલીસ કર્મીએ ગળું દબાવી લાઠીચાર્જ કર્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીમાં SIR અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગને લઈને થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન અટકાયતમાં લેવામાં આવેલા વિદ્યાર્થીઓને રાહુલ ગાંધી ૧૪ ઑક્ટોબરે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં સાથે લાવ્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થીઓએ પોલીસ પર માર મારવા સહિતના ગંભીર આક્ષેપો કર્યા હતા. એક વિદ્યાર્થિનીએ પોલીસકર્મીઓએ તેના પ્રાઈવેટ પાર્ટ્સ પર માર માર્યાનો દાવો કર્યો હતો, જ્યારે એક વિદ્યાર્થીએ RSS અને ભાજપના ગુંડાઓના કહેવાથી તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

પ્રદર્શનકારી અતીરાએ જણાવ્યું હતું કે કનોટ પ્લેસથી મહિલા પોલીસકર્મી ચંચલ યાદવ તેને પોલીસ સ્ટેશનના બેઝમેન્ટમાં લઈ ગઈ હતી. અતીરાના દાવા મુજબ, ત્યાં CCTV નહોતાં અને તેને મુક્કા મારવામાં આવ્યા હતા. તેણે આંખ અને મોઢા પર નિશાન હોવાની સાથે પ્રાઈવેટ પાર્ટ્સ પર પણ માર માર્યાનો આક્ષેપ કર્યો હતો. અતીરા એક કાનથી સાંભળી શકતી નથી. કેરલમની આદિરાએ પણ જણાવ્યું હતું કે અટકાયતમાં લીધા બાદ તેમને બસમાં બેસાડીને સીપી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને બેઝમેન્ટમાં લઈ જવાયા હતા.

### પતિના 5 ટુકડા કરી બ્લૂ ડ્રમમાં ભરનાર

# મુસ્કાન અને તેના પ્રેમી સાહિલને ફાંસીની સજા

**સજા સંભળાવતા પહેલાં મુસ્કાન અને સાહિલને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડવામાં આવ્યાઃ જજને કહ્યું હતું, 'મારી દીકરી નાની છે, તેનું ધ્યાન રાખજો'**



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મેરઠમાં પ્રેમી સાથે મળીને પતિ સૌરભ રાજપૂતની હત્યા કરનાર મુસ્કાનને ફાંસીની સજા સંભળાવવામાં આવી. તેના પ્રેમી સાહિલને પણ ન્યાયાધીશ અરવિંદ કુમાર મિશ્રાએ ફાંસીની સજા સંભળાવી. આ પહેલાં બુધવારે સવારે ૧૦.૩૦ વાગ્યે પણ ન્યાયાધીશ અરવિંદ કુમાર મિશ્રાએ જેલમાં બંધ મુસ્કાન અને સાહિલ પાસેથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેમનો પક્ષ જાણ્યો.ન્યાયાધીશે મુસ્કાનને પૂછ્યું- તમે તમારા પતિ સૌરભ રાજપૂતની હત્યામાં દોષિત છો, તમે કઈ સજા ઈચ્છો છો? તેણે જવાબ આપ્યો- મારી દીકરી નાની છે, તેની સંભાળ રાખવામાં આવે. ત્યારબાદ તે મૌન થઈ ગઈ. પછી સાહિલને પણ આ જ સવાલ પૂછવામાં આવ્યો, તો તે પણ ચૂપ રહ્યો. સૌરભ રાજપૂતની હત્યા ૩ માર્ચ, ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી. મૃતદેહના ૫ ટુકડા કરીને તેને વાદળી રંગના ડ્રમમાં ભરી દેવામાં આવ્યો હતો. જુલાઈ, ૨૦૨૫માં જિલ્લા કોર્ટમાં ટ્રાયલ શરૂ થયો હતો. 30 સપ્ટેમ્બરે કોર્ટે મુસ્કાન અને સાહિલને સૌરભની હત્યાના દોષિત ઠેરવ્યા હતા.સરકારી વકીલ કેકે ચૌબેએ કોર્ટને મુસ્કાન અને સાહિલ માટે ફાંસીની સજા આપવાની માંગ કરી હતી. બીજી તરફ, મુસ્કાન-સાહિલનાં વકીલ રેખા જૈને કહ્યું હતું- મુસ્કાનની ૨ દીકરીઓ છે. માતા-પિતા વૃદ્ધ છે. ઓછામાં ઓછી સજા થવી જોઈએ.સૌરભના ભાઈ બબલુએ જણાવ્યું- અમને આશા હતી કે ન્યાય મળશે. અમે તો શરૂઆતથી એક જ વાત કહી હતી કે અમને તો ફાંસી જોઈએ. અને અમને આજે જાણીને ખૂબ ખુશી થઈ રહી છે કે તેમને ફાંસીની સજા થઈ ગઈ છે. જો તેઓ આગળ જશે, કોઈ કાર્યવાહી કરશે, તો અમે પણ જઈશું. અમે તો માતા રાણી પાસે આ જ પ્રાર્થના કરી રહ્યા હતા કે જેમણે પણ ખોટું કામ કર્યું છે, તેમને સજા મળવી જોઈએ. તેમને ફાંસીની સજા મળવી જોઈએ. અમારો તેની સાથે કોઈ સંપર્ક નથી, ન તો અમે તેને સ્વીકારવા માંગીએ છીએ, ન તો તેને રાખીશું. જો અમને ડીએનએ ટેસ્ટ કરાવવા માટે દબાણ કરવામાં આવશે, તો અમારો પરિવાર ડીએનએ ટેસ્ટ પણ કરાવશે નહીં. ફરિયાદી પક્ષના વકીલ વિજય બહાદુરે જણાવ્યું સાહિલ અને મુસ્કાનને મૃત્યુદંડ આપવામાં આવ્યો છે. ૨૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સજા સંભળાતાં જ મુસ્કાન અને સાહિલ રડવા લાગ્યા. મુસ્કાનના માતા-પિતાએ બુધવારે સવારે એક પત્ર લખીને પોલીસ મારફતે કોર્ટને આપ્યો. તેમાં તેમણે લખ્યું છે કે મુસ્કાનને ભલે ગમે તેવી સજા થાય, અમારે તેનાથી કોઈ મતલબ નથી. અમે ક્યારેય મુસ્કાનને મળીશું નહીં.



## કેસના મુખ્ય પુરાવા, જે સજાનો આધાર બન્યા

- હત્યાની રાત્રે સાહિલને સૌરભના ઘરે જતા જોનારા પ્રત્યક્ષદર્શીનું નિવેદન
- હત્યામાં ઉપયોગમાં લેવાયેલ છરી અને ઉસ્તરો મુસ્કાન-સાહિલની નિશાનદેહી પર મળી આવવા
- હત્યાના હથિયારો પર માનવ રક્ત મળવું
- સાહિલ-મુસ્કાનની કોલ ડિટેલ, બંનેની સોશિયલ મીડિયા પર ચેટિંગ
- સૌરભના મિત્ર સંજીવ પાલની જુબાની, તેની કોલ ડિટેલ
- સૌરભની માતા રેનૂની કોલ ડિટેલ
- જે હોટલોમાં મુસ્કાન-સાહિલ રોકાયા હતા, ત્યાંના ફૂટેજ અને ત્યાંના મેનેજરનાં નિવેદનો
- ૨૨ સાક્ષીઓની જુબાનીઓ

# રાજકોટ બન્યું 'ક્રાઈમ કેપિટલ': છેલ્લા 28 દિ'માં 6-6 હત્યાથી હાહાકાર

## માત્ર પાન-માવા માટે સરાજાહેર હત્યા ! પોલીસ ચોપડે ચડેલા 2 રીઢા ગુનેગાર અને 1 સગીરની ધરપકડઃ ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતું અને પોતાના રંગીલા સ્વભાવ માટે જાણીતું રાજકોટ શહેર છેલ્લા કેટલાક સમયથી જાણે 'ક્રાઈમ કેપિટલ' બની ગયું છે. છેલ્લા ૨૮ દિવસમાં જ શહેરમાં એકસાથે ૬-૬ હત્યાના બનાવો નોંધાતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આ સિલસિલામાં વધુ એક લોહી થીજવી દેતી ઘટના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સામે આવી છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોકડી પાસે આવેલી ડિલક્સ પાનની દુકાન નજીક ૧૨-૧૩ ઓક્ટોબરની મોડી રાત્રે માત્ર પાન-માવા ખાવા જેવી તદ્દન સામાન્ય અને નજીવી બાબતે થયેલી માથાકૂટમાં એક યુવાનની સરાજાહેર ઘાતકી હત્યા કરી નાખવામાં આવતા શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક પરેશ ટાભજીભાઈ ચૌહાણ તેના મિત્રો સાથે મોડી રાત્રે ડિલક્સ પાન પાસે બેઠો હતો. આ દરમિયાન ત્યાં આવેલા અનિલ ઉર્ફે કાનો પરમાર અને તેના મિત્ર વચ્ચે પરેશ સાથે કોઈ અગમ્ય કારણોસર બોલાચાલી શરૂ થઈ હતી. આ સામાન્ય બોલાચાલીએ થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. માથાકૂટ વધતા કાનાએ તેના મિત્રો ધર્મેશ ઉર્ફે રાધે રાઠોડ અને એક સગીરને ત્યાં બોલાવી લીધા હતા. ઝપાઝપી દરમિયાન પરેશે લાકડી વડે પ્રતિકાર કરતા ઉશ્કેરાયેલા રાધેએ પરેશને પકડી રાખ્યો હતો અને કાનાએ પાછળથી આવીને છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલાખોરોના ડરથી પરેશના મિત્રો ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ત્યારબાદ લોહીલુહાણ હાલતમાં પરેશને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગીરીરાજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ સમગ્ર હૃદયદ્રાવક ઘટના ત્યાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ રાજકોટ શહેરના તાલુકા પોલીસનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસે CCTV ફૂટેજ અને મૃતકના પિતા ટાભજીભાઈ ચૌહાણની ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ગણતરીના સમયમાં જ હત્યાના મુખ્ય આરોપી અનિલ ઉર્ફે કાનો પરમાર, ધર્મેશ ઉર્ફે રાધે રાઠોડ અને એક સગીરને દબોચી લીધા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, ઝડપાયેલો રાધે રીઢો ગુનેગાર (હિસ્ટ્રીશીટર) છે અને તેની સામે અગાઉ મારામારી, પ્રોહીબિશન અને જાનથી મારી નાખવાની ધમકી સહિતના ૮ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જ્યારે કાના સામે પણ જુગાર ધારા હેઠળ ૩ ગુના દાખલ છે. હાલ પોલીસે સગીર આરોપીને જુવેનાઈલ બોર્ડ સમક્ષ અને અન્ય બંને પુખ્ત આરોપીઓને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે, જ્યારે હત્યામાં સામેલ ચોથા શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



## ધૂળિયા રસ્તા અને ટ્રાફિક વધતા પ્રદુષણ ફેલાયું

# રાજકોટમાં રાત્રે 7 થી 12 હવાનું પ્રદૂષણ 20% વધ્યું

### ધૂળ ઉડતા અસ્થમા અને સૂકી ખાંસીના દર્દીમાં વધારો





## પ્રદુષણ વધવાથી સ્ટ્રોકનો મોટો ખતરો!

### માત્ર ફેફસાં જ નહીં, મગજની નસો પણ બ્લોક કરી રહ્યું છે

શિયાળાની શરૂઆત થતાં જ દેશની રાજધાની સહિત અનેક શહેરોમાં વાયુ પ્રદૂષણ અને એર ક્વોલિટી ઈન્ડેક્સ ખતરનાક સ્તરે પહોંચી જાય છે. અત્યાર સુધી આપણે પ્રદૂષણને માત્ર ફેફસાં અને શ્વાસ સંબંધિત બીમારીઓ સાથે જોડીને જોતા હતા, પરંતુ તબીબી નિષ્ણાતોના મતે ઝેરી હવા હવે તમારા મગજ માટે પણ અતિશય જોખમી સાબિત થઈ રહી છે. પ્રદૂષણ, માનસિક તણાવ અને કલાકો સુધી એક જ જગ્યાએ બેસીને કામ કરવાની આદત  આ ત્રણેય પરિબળો ભેગા મળીને સ્ટ્રોકના ખતરાને અનેકગણો વધારી રહ્યા છે. દિલ્હીની પુષ્પાવતી સિંઘાનિયા હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (PSRI) ના ન્યુરોસર્જન અને નિયામક ડૉ. અમિતાભ ગુપ્તાના જણાવ્યા અનુસાર, જ્યારે પણ વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધે છે, ત્યારે હોસ્પિટલોની ઓપીડી અને ઈમરજન્સી વિભાગમાં મગજના સ્ટ્રોકના કેસોમાં અચાનક મોટો ઉછાળો જોવા મળે છે. ચિંતાજનક બાબત એ છે કે હવે માત્ર વૃદ્ધો જ નહીં, પરંતુ ૩૫ થી ૪૫ વર્ષની વયના યુવાનો પણ આ ગંભીર બીમારીની ચપેટમાં આવી રહ્યા છે.

### હવાની ગુણવત્તા

| સમય | પ્રદૂષણનું સ્તર (AQI) |
|---|---|
| સાંજે 7 વાગ્યે | 85 |
| રાત્રે 9 થી 10 વાગ્યે | 155 |
| રાત્રે 11 વાગ્યે | 175 |
| રાત્રે 11 થી 12 વાગ્યે | 185 થી 195 (પીક ટ્રાફિક) |
| કાલાવડ રોડ (સૌથી વધુ) | 230 |

રાત્રે ૭ પછી પીએમ ૨.૫નું પ્રમાણ સતત વધતાં ગરબાના સ્થળોની આસપાસ સૌથી વધુ એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાય છે.

### હવાની ગુણવત્તા અને તેની સ્વાસ્થ્ય પર થતી અસર

| એક્યુઆઈ | શ્રેણી | સ્વાસ્થ્ય પર સંભવિત અસર |
|---|---|---|
| 101-200 | મધ્યમ | અસ્થમા, ફેફસાંના દર્દીને શ્વાસ લેવામાં તકલીફ |
| 201-300 | ખરાબ | મોટાભાગના લોકોને શ્વાસની તકલીફ |
| 301-400 | અત્યંત ખરાબ | લાંબા સંપર્કથી શ્વસનતંત્રની બીમારીનું જોખમ |
| 401-500 | ગંભીર | તંદુરસ્ત લોકોને પણ અસર થઈ શકે છે |

### ખુરશી પર સતત બેસી રહેવાની આદતનું જોખમ

ડૉ. સમજાવે છે કે PM ૨.૫ ના અતિ સૂક્ષ્મ કણો ફેફસાંમાં ઊંડે સુધી પહોંચીને શરીરમાં સોજો ઉત્પન્ન કરે છે અને રક્તવાહિનીઓની અંદરની દીવાલોને નુકસાન પહોંચાડે છે. જે લોકો ઓફિસમાં કે ઘરે કલાકો સુધી ખુરશી પર બેસીને કામ કરે છે, તેમના શરીરમાં રક્ત પરિભ્રમણ (Blood Circulation) ધીમું પડી જાય છે. જો આ બેઠાડુ જીવનશૈલી સાથે ઝેરી હવાનો સંપર્ક થાય, તો લોહીનો ગઠ્ઠો બનવાની પ્રક્રિયા વધુ ઝડપી બની જાય છે. પરિણામે, મગજની કોઈ રક્તવાહિનીમાં અવરોધ ઊભો થાય છે અને દર્દી બ્રેઈન સ્ટ્રોકનો ભોગ બને છે.

સિટી ન્યૂઝ@રાજકોટ

નવરાત્રી દરમિયાન રાત્રે વાહનોની અવરજવર વધતા તેમજ કાલાવડ રોડ, મોટા મવા અને નાના મવા આસપાસના પાર્ટી પ્લોટ સુધીના ધૂળિયા રસ્તાના કારણે હવાના પ્રદૂષણમાં ભારે વધારો જોવા મળ્યો છે. અંદાજિત આંકડા મુજબ, સાંજે ૭ વાગ્યા પછી એક્યુઆઈ સતત વધતો જોવા મળે છે. કાલાવડ રોડ અને મોટા મવા વિસ્તારનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) આશરે ૨૩૦ અને ૧૫૦ ફૂટ રિંગ રોડનો ૧૬૫ આસપાસ નોંધાયો છે.

એક્યુઆઈમાં વધારો થતાં અને પીએમ-૨.૫ લેવલ વધતાં લોકોને શ્વસનતંત્રની તકલીફોમાં વધારો થતો હોવાનું તબીબોનું કહેવું છે. રાજકોટના જાણીતા પલ્મોનોલોજિસ્ટ (છાતીના રોગોના નિષ્ણાત)ના જણાવ્યા મુજબ, સામાન્ય દિવસો કરતાં નવરાત્રીના દિવસોમાં ગરબાના ટ્રાફિકને લીધે રાત્રે ૭ પછી પ્રદૂષણમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થાય છે. પાર્ટી પ્લોટ્સના કાચા રસ્તા, ધૂળ-માટી, વાહનોનો ધુમાડો અને ભારે ભીડને કારણે એલર્જી અને ઈન્ફેક્શન ઝડપથી ફેલાય છે.

### અભ્યાસના તારણો મુજબ

- દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) માં દર ૧૦ પોઈન્ટનો વધારો થાય, તો માત્ર એક જ દિવસની અંદર હૃદય રોગની ઘટનાઓમાં ૧.૮ ટકા નો વધારો નોંધાયો હતો.
- વાતાવરણમાં રહેલા અતિ સૂક્ષ્મ કણો એટલે કે PM ૨.૫ માં દર ૧૦ યુનિટનો વધારો થતાં હૃદય રોગના કેસોમાં ૨ ટકા નો ઉછાળો આવ્યો હતો.
- એકંદર સંશોધનો દર્શાવે છે કે PM ૨.૫ ના વધારાથી હાર્ટ એટેકનું જોખમ ૨ ટકા અને મગજના સ્ટ્રોકનું જોખમ ૧ ટકા વધી જાય છે.

### જર્જરિત મકાનના રિ-ડેવલપમેન્ટનો પ્રશ્ન પડકાર બન્યો હતો

# હાઉસિંગ બોર્ડના ફ્લેટધારકોને મળશે 'માલિકી હક'?



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતના સામાન્ય અને મધ્યમ વર્ગીય પરિવારો માટે રાજ્ય સરકાર એક ખૂબ જ મોટો અને રાહતરૂપ નિર્ણય લેવા જઈ રહી છે. લાંબા સમયથી હાઉસિંગ બોર્ડના ફ્લેટમાં રહેતા નાગરિકો માટે 'માલિકી હક' અને જર્જરિત મકાનના રીડેવલપમેન્ટનો પ્રશ્ન પડકાર બન્યો હતો, જેનો હવે કાયમી ઉકેલ આવે તે દિશામાં રાજ્ય સરકારે કામગીરી હાથ ધરી છે.અગાઉ માત્ર ટેનામેન્ટ અને રો-હાઉસ માટે આવી યોજના હતી, પરંતુ હવે હાઉસિંગ બોર્ડના ફ્લેટધારકો પણ ખુદના ઘરના માલિક બનશે.

વધુમાં, ફ્લેટધારકો જંત્રીના બમણા ભરીને ફ્લેટ ફ્રી-હોલ્ડ થઈ શકશે. આ નિર્ણયથી જૂના અને જર્જરિત ફ્લેટના રી-ડેવલપમેન્ટ માટેની તમામ અડચણો દૂર થશે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા ટૂંક સમયમાં જ એક નવી નીતિ અમલમાં મૂકવામાં આવશે. આ નીતિ હેઠળ, હાઉસિંગ બોર્ડના ફ્લેટધારકો પોતાના મકાનમાં કરેલા વધારાના બાંધકામ સહિતના ભાગને જંત્રીના નક્કી કરેલા ટકા જેટલી રકમ ભરીને સત્તાવાર રીતે 'ફ્રી-હોલ્ડ' કરાવી શકશે. આમ કરવાથી ફ્લેટધારકના નામે મકાનનો કાયદેસરનો દસ્તાવેજ થઈ શકશે અને તેઓ ખરા અર્થમાં પોતાના મકાનના માલિક બનશે.

> ,, સરકાર હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર માટે નવી નીતિ લાવી રહી છે

વર્તમાન અંદાજ મુજબ, સમગ્ર રાજ્યમાં હાઉસિંગ બોર્ડના અંદાજે ૧,૭૫,૦૦૦ ફ્લેટ આવેલા છે. જેમાં એકલા અમદાવાદ શહેરમાં જ લગભગ એક લાખ જેટલા મકાન છે. અમદાવાદના સોલા, નારણપુરા, નવા વાડજ, ખોખરા, બાપુનગર અને અમરાઈવાડી જેવા અનેક વિસ્તારમાં વર્ષો જૂના હાઉસિંગ બોર્ડના મકાનો આવેલા છે, જેમાંથી ઘણા મકાનો જર્જરિત હાલતમાં છે. આ નવી નીતિ અમલમાં આવવાથી આ તમામ વિસ્તારના લાખો મધ્યમવર્ગીય પરિવારોને સીધો લાભ મળશે.

અગાઉ ફ્લેટના દસ્તાવેજ કે કાયદેસરની માલિકી ન હોવાને કારણે સોસાયટીઓ કે ફ્લેટધારકો ઈચ્છવા છતાં પણ પોતાના જર્જરિત મકાનોને રીડેવલપમેન્ટમાં મૂકી શકતા નહોતા. પરંતુ હવે માલિકી હક મળ્યા બાદ ફ્લેટધારકો પોતાની સોસાયટીના રહીશો સાથે મળીને સ્વેચ્છાએ કોઈ પણ બિલ્ડરને આ પ્રોજેક્ટ સોંપી શકશે. બિલ્ડર મારફતે કે જાતે જંત્રીની રકમ ભરાવીને આધુનિક અને સુરક્ષિત ફ્લેટનું નિર્માણ કરાવી શકાશે.

અત્યાર સુધી ગુજરાત હાઉસિંગ બોર્ડના ફ્લેટ લીઝ હોલ્ડ પદ્ધતિ પર ચાલતા હતા, એટલે કે કાગળ પર મકાન સરકાર કે બોર્ડનું ગણાતું અને રહેવાવાળા માત્ર કબજેદાર હતા. ફ્રી-હોલ્ડ થવાથી મકાન સીધું રહેવાસીની માલિકીનું થઈ જશે.

**કાયદેસર માલિકી હક:** ફ્લેટધારક કાગળ પર પોતાના મકાનનો સત્તાવાર માલિક બનશે.

**NOC ઝંઝટમાંથી મુક્તિ:** ભવિષ્યમાં મકાન વેચાણ કે ટ્રાન્સફર વખતે બોર્ડની એનઓસી કે પરવાનગી લેવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

**બેંક લોન સરળ બનશે:** અત્યાર સુધી દસ્તાવેજ કે સ્પષ્ટ માલિકી હક ન હોવાથી રાષ્ટ્રીયકૃત કે ખાનગી બેંકો હાઉસિંગ બોર્ડના આવા જૂના ફ્લેટ પર સરળતાથી હોમ લોન કે મોર્ગેજ લોન આપતી નહોતી. દસ્તાવેજ બન્યા બાદ મકાન કાયદેસરની પ્રોપર્ટી બનશે, જેથી જરૂર પડ્યે મિલકતના આધારે બેંકમાંથી સરળતાથી લોન અથવા ફંડ મેળવી શકાશે.




# મોંઘવારી કાબૂ બહાર; દિવાળી બગાડશે!

## ખાંડ બાદ આજે સિંગતેલના ભાવનો ચાર દિવસમાં 85 રૂા.નો વધારો ડબ્બો 3000ને પાર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિવાળીના તહેવારો નજીક આવતાં જ સામાન્ય પરિવારોના રસોડાનું બજેટ ખોરવાઈ રહ્યું છે. એક તરફ ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન ૫૦ લાખ મેટ્રિક ટનને પાર ગયું હોવા છતાં સિંગતેલના ભાવમાં ઘટાડો થવાને બદલે સતત વધારો નોંધાઈ રહ્યો છે, તો બીજી તરફ શાકભાજી અને રોજિંદા રસોઈમાં વપરાતી ચીજવસ્તુઓના ભાવ પણ ગૃહિણીઓની ચિંતા વધારી રહ્યા છે. સિંગતેલના ભાવ રૂ. ૩૦૦૦ની સપાટીને આંબવાની તૈયારીમાં છે ત્યારે ડુંગળી, લસણ, આદુ અને લીંબુ જેવી ચીજવસ્તુઓની ખરીદી પણ પરિવારો માટે મોંઘી પડી રહી છે. તહેવારોમાં મીઠાઈ, ફરસાણ અને અન્ય વાનગીઓ બનાવવાની તૈયારી વચ્ચે વધતા ભાવ સામાન્ય ગ્રાહકોને વધારાનો આર્થિક બોજ આપી રહ્યા છે.




બજારની ચર્ચા મુજબ, સિંગતેલના ૧૫.૫૦ કિલોના ટીનનો ભાવ અગાઉ રૂ. ૨૮૭૦ની આસપાસ હતો, જે ચાર દિવસમાં રૂ. ૮૫ વધીને રૂ. ૨૯૫૫ સુધી પહોંચ્યો છે. હાલ બજારમાં ભાવ રૂ. ૨૯૫૫થી રૂ. ૩૦૦૫ની રેન્જમાં હોવાનું જણાવાઈ રહ્યું છે. મગફળીનું ઉત્પાદન વધતાં તેલના ભાવમાં રાહત મળશે તેવી ગ્રાહકોની અપેક્ષા વચ્ચે ભાવવધારાએ ચિંતા વધારી છે. ઉત્પાદન ઉપરાંત બજારમાં ઉપલબ્ધ જથ્થો, માંગ, પ્રોસેસિંગ ખર્ચ અને સપ્લાય જેવી બાબતો પણ ભાવને અસર કરી શકે છે. દિવાળીના દિવસોમાં માંગ વધવાની શક્યતા વચ્ચે સિંગતેલના ભાવમાં વધુ ઉછાળો આવશે કે નહીં તેના પર ગ્રાહકોની નજર છે. દિવાળી માટે રેશનિંગની દુકાનો મારફતે સિંગતેલનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. દુકાનદારોના જણાવ્યા મુજબ, ૧૦૦ ટકા જથ્થા મુજબનાં નાણાં અગાઉથી જમા કરાવી લેવામાં આવ્યાં હોવા છતાં દુકાનો સુધી માત્ર ૬૦થી ૮૦ ટકા જ જથ્થો પહોંચ્યો છે. બાકીનો જથ્થો ન મળતાં કેટલાક લાભાર્થીઓને તેલ વિતરણમાં મુશ્કેલી પડી રહી હોવાનો તેમનો આક્ષેપ છે.

### ડુંગળી, લસણ, આદુ અને લીંબુથી રસોડાનું બજેટ ખોરવાયું

સિંગતેલની સાથે શાકભાજી અને રસોઈમાં વપરાતી અન્ય ચીજવસ્તુઓની ખરીદી પણ પરિવારો માટે ચિંતાનો વિષય બની રહી છે. ડુંગળી, લસણ, આદુ અને લીંબુ જેવી રોજિંદા ઉપયોગની વસ્તુઓના ભાવમાં વધારો થાય ત્યારે તેની સીધી અસર ઘરખર્ચ પર પડે છે. તહેવારો દરમિયાન રસોઈનું પ્રમાણ વધતું હોવાથી પરિવારોને આ ચીજવસ્તુઓની વધુ ખરીદી કરવી પડે છે. તેલ, શાકભાજી અને મસાલાની વધતી ખરીદીના ખર્ચ વચ્ચે ગૃહિણીઓએ મર્યાદિત બજેટમાં ઘર ચલાવવાની કવાયત કરવી પડી રહી છે. જોકે, આ ચીજવસ્તુઓના વર્તમાન ભાવ અને તેમાં થયેલા ચોક્કસ વધારાના આંકડા ઉપલબ્ધ ન હોવાથી ભાવવધારાની ચોક્કસ ટકાવારી નક્કી કરી શકાય તેમ નથી.

# ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે રાજકોટમાં

## શાપરમાં નવી ડીવાયએસપી કચેરીનું લોકાર્પણઃ રાજકોટ ગ્રામ્ય પોલીસને ISO સર્ટિ.થી સન્માનિત કરાશે, 288 લોકોને CAA હેઠળ નાગરિકત્વના પ્રમાણપત્રો એનાયત કરાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ભૂમાફિયાઓ સામે પોલીસની કાર્યવાહી ખેડૂતોને -ચાત્ય અપાવવા અને પ્રજાલક્ષી પોલીસિગને પ્રોત્સાહન આપતા એક મહત્વપૂર્ણ કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવતીકાલે રાજકોટની મુલાકાતે આવી રહયા છે. ચોટીલા ચામુંડા માતાજીના દર્શન કર્યા ખાદ તેઓ રાજકોટ પહોંચશે. જયાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી ખેડૂતોને જમીનના દસ્તાવેજો પરત સોંપવા ઉપરાંત નાગરિકોને ભારતનું નાગરિકત્વ આપવાના કાર્યક્રમમાં પણ ભાગ લેશે. સાંજે ચાર વાગ્યે યોજાનારા કાર્યક્રમને લઈને પોલીસ તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.
મુલાકાત દરમિયાન શાપર ખાતે નવનિર્મિત નાયબ પોલીસ અધિક્ષક કચેરીનું લોકાર્પણ કરવામાં આવશે. શાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તાર રાજકોટ ગ્રામ્યનું મહત્વનું કેન્દ્ર હોવાથી અહીં પોલીસની વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અને સ્થાનિક ઉદ્યોગકારો તથા નાગરિકોને પોલીસની સેવાઓ ઝડપથી મળી રહે તે હેતુથી નવી કચેરી બનાવવામાં આવી છે.આવતીકાલના કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ભૂમાફિયાઓ સામે કરવામાં આવેલી કાર્યવાહી બાદ ખેડૂતોને તેમની જમીનના દસ્તાવેજો પરત સોંપવાનો કાર્યક્રમ રહેશે અલ્પેશ દોંગા અને તેની ટોળકી સામે થયેલો પોલીસ કાર્યવાહીના સંદર્ભમાં અંદાજે ૪૬ જમીનીના દસ્તાવેજો મૂળ માલિક ખેડૂતોને પરસ્ત આપવામાં આવશે.
પોલીસના જણાવ્યા મુજબ ખેડૂતોને વ્યાજે નાણાં આપવાના બહાને અથવા ધાકથમકી અને કથિત ગેરરીતિઓ દ્વારા તેમની કિંમતી જમીનીના દસ્તાવેજો ટોળકીના નામે કરાવી લેવામાં આવ્યા હોવાના આક્ષેપો સામે આવ્યા હતા.
આ મામલે રાજકોટ ગ્રામ્ય પોલીસે કાયદેસરની કાર્યવાહી હાય ધરી હતી ત્યારબાદ જમીનોના દસ્તાવેજો પરત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ખેડૂતોને દસ્તાવેજો સોંપવામાં આવશે. આ કામગીરીને ખેડૂતોને ન્યાય અપાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.આ કાર્યક્રમ દરમિયાન નાગરિકતા સુધારા કાયદા (CAA) હેઠળ ૨૮૮ લોકોને ભારતનું નાગરિકત્વ આપવાની કાર્યક્રમ પણ યોજાશે પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાનારા કાર્યક્રમમાં નાગરિકત્વના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. આમ એક તરફ જમીનના પ્રશ્નો પીડિત ખેડૂતોને રાહત આપવાનો પ્રયાસ થશે. તો બીજી તરફ નાગરિકત્વ મેળવવા માટેની કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરનારા લોકોને ભારતીય નાગરિક તરીકેની ઓળખ મળશે.
રાજકોટ ગ્રામ્ય પોલીસને નાગરિકોની ફરિયાદોનો ઝડપી ઉકેલ પ્રજાભિમુખ અભિગમ અને પોલીસ રેકર્ડની વ્યવસ્થિત જાળવણી સહિતની કામગીરી બદલ ISO સર્ટિફ્રિકેટથી સન્માનિત કરવામાં આવશે. એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્ર દ્વારા ફરિયાદ નિવારણ અને વહીવટી વ્યવસ્થામાં સુધારાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. પોલીસ પ્રત્યે નાગરિકીમાં વિશ્વાસ વધે અને પોલીસ મથકોમાં વધુ સુવ્યવસ્થિત સેવાઓ ઉપલબ્ધ થાય તે દિશામાં આ સન્માન મહત્વપૂર્ણ ગણાય છે. આવતીકાલના કાર્યક્રમને લઈને રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જરની અધ્યક્ષતામાં તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. કાર્યક્રમમાં રેન્જ આઈજી નિર્લિમ રાય સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહેવાની સંભાવના છે. ભૂમાફિયાઓ સામેની કાર્યવાહી, નાગરિકત્વના પ્રમાણપત્રો અને પોલીસની કામગીરીને મળતા સન્માનને કારણે હર્ષ સંઘવીની આ મુલાકાત રાજકોટ માટે મહત્વપૂર્ણ બની રહેશે.



### રાજકોટ ગ્રામ્ય પોલીસને ISO સર્ટિફિકેટ

- ફરિયાદોના ઝડપી નિવારણ અને પ્રજાભિમુખ કામગીરીની નોંધ
- પોલીરા રેકર્ડ અને દસ્તાવેજોની વ્યવસ્થિત જાળવણી
- એરાપી વિજયારાહ ગુજરતા માર્ગદર્શન હેઠળ કામગીરી
- નાયબ મુખ્યમંત્રીના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરાવશે
- પોલીસ અને નાગરિકો વચ્ચે વિશ્વાસ વધારવાની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ

### તેરા તુઝકો અર્પણ હેઠળ ખેડૂતોને ન્યાય

- અલ્પેશ દોંગા અને તેની ટોળકી સામે પોલીસની કાર્યવાહી
- આજે ૪૪ જમીનોના દસ્તાવેજો ખેડૂતોને પરત સોંપાશે
- જમીનોના દસ્તાવેજો ટોળકીના નામે કરાવાયા હોવાના આક્ષેપો
- નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે દસ્તાવેજોનું વિતરણ
- જમીન સંબધિત વિવાદોમાં પીડિત ખેડૂતોને રાહત આપવાનો પ્રયાસ

### CAA હેઠળ 288 લોકોને નાગરિકત્વ

- નાગરિકતા સુદારા કાયદા હેઠળ ૨૩૮ લોકોને બારસ્તીય નાગરિકત્વ અપારે
- પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમનું આયોજન
- હર્ષ સંઘવીની ઉપસ્થિતિમા નાગરિકત્વના પ્રમાણપત્રો એનાયત કરાશે
- કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરનારા લાભાથીઓને મળશે ભારતીય નાગરિક તરીકેની ઓળખ

### શાપરમાં નવી DYSP કચેરીનું લોકાર્પણ

- શાપર-વેરાવળ ઔધોગિક વિસ્તારને મળશે નવી પોલીસ વહીવટી સુવિધા
- નાયબ મુખ્યમંત્રી હર્ષ રાથવાના હસ્તે કચેરી ખુલ્લી મુકાશે
- સ્થાનિક નાગરિકો અને ઉધોગકારોને પોલીસ સેવાઓમાં સરળતા રહેવાનો હેતુ
- ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની કામગીરીને વધુ અસસ્કારક બનાવવાનો પ્રયાસ

### પગાર કરતા 223% વધુ મિલકત પણ તે એક મહિલાના નામે જે તેને ઓળખે છે

# ઈન્દોરના પોલીસ હેડ કોન્સ્ટેબલ પાસે 6.26 કરોડ રૂપિયાની મિલકત

## લોકયૂક્તે 15 સ્થળોએ દરોડા પાડ્યા, કોન્સ્ટેબલ હાલ ફરાર





**સિટી ન્યૂઝ@ઈન્દોર**

લોકાયુક્ત પોલીસે ઈન્દોરની પોલીસ તાલીમ કોલેજ (PTC) માં તૈનાત હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર) ફિરોઝ ખાન સામે અપ્રમાણસર સંપત્તિના કેસના સંદર્ભમાં કાર્યવાહી કરી. લોકાયુક્ત ઈન્દોર અને ઉજ્જૈનની સંયુક્ત ટીમે સવારે ૬ વાગ્યાથી ઈન્દોર અને દેવાસમાં ૧૫ સ્થળોએ તપાસ શરૂ કરી, જેમાં દેવાસમાં તેમના નિવાસસ્થાનનો પણ સમાવેશ થાય છે.

લોકાયુક્તના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસમાં આરોપીઓની અંદાજિત આવકના આશરે ૬.૨૬ કરોડ (આશરે ૨૨૩%) મૂલ્યની અપ્રમાણસર સંપત્તિ બહાર આવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ફિરોઝ ખાન, પોલીસ વિભાગમાં પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને, દેવાસ વિસ્તારમાં વિવાદિત જમીનો અને પ્લોટ સંબંધિત બાબતોમાં દખલ કરે છે. તેના પર અન્ય લોકો દ્વારા જમીનનો વ્યવહાર કરવાનો, મિલકતમાં રોકાણ કરવાનો, પરિવારના સભ્યો અને પરિચિત મહિલાના નામે મિલકત ખરીદવાનો, અનેક વાહનો રાખવાનો અને લાકડાનો વેપાર કરવાનો પણ આરોપ છે.

પોલીસ અધિક્ષક રાજેશ સહાયના જણાવ્યા અનુસાર, ફિરોઝ ખાનનો પગાર આશરે ૭.૫ મિલિયન હોવાનો અંદાજ છે. અન્ય સ્ત્રોતોમાંથી આવક ઉમેરીએ તો તેમની કુલ આવક ૧.૯૩ કરોડ હોવાનો અંદાજ છે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીની માતા અને પત્ની સાહિલ ટ્રેડિંગ કંપની નામની એક પેઢીના માલિક હતા, જેમાં કરોડો રૂપિયાના વ્યવહારો થયા હતા. દરમિયાન, એવી માહિતી પણ બહાર આવી છે કે આરોપીની પરિચિત રોશની વર્મા રોશની સેલ્સ એન્ડ સર્વિસ નામની એક પેઢી ચલાવે છે. જમીન ખરીદીમાં તેની ભૂમિકા સામે આવ્યા બાદ લોકાયુક્તે તેનું નામ પણ આરોપી તરીકે રાખ્યું છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ફિરોઝ ખાને રોયલ ગ્રીન રિયલ એસ્ટેટ નામની પેઢી



દ્વારા રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે.

સનવેરમાં ૨૧.૭૫ વિઘા જમીનના સોદાની પણ તપાસ ચાલી રહી છે. તપાસમાં સનવેર તાલુકાના ગુરાન ગામમાં આશરે ૨૧.૭૫ વિઘા ખેતીની જમીનનો વિવાદ પણ બહાર આવ્યો હતો. ફરિયાદીના પુત્ર અને તેના પિતા આ જમીન અંગે વિવાદમાં ફસાયેલા છે. આરોપ છે કે આ વિવાદનો લાભ લઈને, ફિરોઝ ખાને ફરિયાદીના પિતા પાસેથી તેની ઓળખાણ રોશની વર્માના નામે ખેતીની જમીન માટે રજિસ્ટર્ડ કરાર કરાવ્યો.

લોકાયુક્ત ટીમે દેવાસમાં ૧૧ અને ઈન્દોરમાં ૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં ઘરો, ફ્લેટ, ખેતીની જમીન, પ્લોટ અને વાણિજ્યિક મિલકતોનો સમાવેશ થાય છે. દેવાસના આદર્શ નગરમાં આરોપીઓના રહેઠાણ ઉપરાંત, પુષ્પકુંજ કોલોની, વિજય નગર કોલોની, ઈન્દિરા ગાંધી નગર, રાધાગંજ અને અન્ય વિસ્તારોમાં આવેલી મિલકતોની તપાસ કરવામાં આવી રહી છે. ઈન્દોરના બાણગંગા વિસ્તારમાં રોશની વર્માના રહેઠાણ, સ્કીમ નંબર ૯૪માં મનોરમા એપાર્ટમેન્ટ અને શ્રીનગર કોલોનીમાં શ્રીદેવી એપાર્ટમેન્ટમાં ફ્લેટ સહિત અન્ય મિલકતો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત, દેવાસ જિલ્લાના ગાજીપુરા, જેતપુરા અને ગડુખેડી અને ઈન્દોર જિલ્લાના સનવેર તાલુકાના ગુરાન ગામમાં આવેલી ખેતીની જમીન અને અન્ય મિલકતોનો પણ તપાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

હેડ કોન્સ્ટેબલ ફિરોઝ ખાન હાલમાં પોલીસ ટ્રેનિંગ કોલેજમાં ડ્રાઈવર તરીકે પોસ્ટેડ છે. અગાઉ, તેમણે દેવાસ ઈન્ડસ્ટ્રિયલ પોલીસ સ્ટેશન અને બાગલીમાં સેવા આપી હતી. તેમના પિતા પણ પોલીસ વિભાગમાં સેવા આપી ચૂક્યા છે. ફિરોઝ દેવાસમાં રહે છે. તેમણે આજ સુધી ૨૦ વર્ષ સરકારી સેવા આપી છે. લોકાયુક્તની એક ટીમ ઈન્દોરમાં સ્કીમ ૯૪ માં આવેલા એક મોટા બંગલાની તપાસ કરી રહી છે. ફિરોઝ ખાનની નજીકની મિત્ર, રોશની વર્મા, ત્યાં રહે છે, જ્યારે બંગલોનો નીચેનો ભાગ ભાડે આપવામાં આવે છે, જેનાથી નોંધપાત્ર આવક થાય છે. ઈન્દોરમાં ૯૦૦૦ નંબરની VIP નંબરવાળી કાળી સ્કોર્પિયો પણ તપાસ હેઠળ છે. તેના માટે મોટી રકમ ચૂકવવામાં આવી હતી. ઈન્દોરના બાણગંગા વિસ્તારમાં એક સ્થળે લોકાયુક્ત ટીમ શોધખોળ કરી રહી છે. ત્યારબાદ ટીમ શ્રીનગરના એક ફ્લેટમાં જશે. ઈન્દોર કરતાં દેવાસ અને આસપાસના વિસ્તારોમાં વધુ શોધખોળ ચાલી રહી છે. ફિરોઝ ખાનના પરિવારના એક સભ્યએ લોકાયુક્ત પોલીસમાં તેમની કરોડોની મિલકત અંગે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે, બુધવારે સવારે ૬:૦૦ વાગ્યે, સ્થાનિક પોલીસની આઠ ટીમોએ એક સાથે ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા હતા.








**કોમનવેલ્થ, નેપાળ પૂર સહિતના મુદ્દે નવરાત્રી સ્પેશિયલ ટેટૂ બનાવ્યા**

# નવરાત્રીમાં બોડી આર્ટ સ્પેશિયલ ટેટૂ ટ્રેન્ડમાં

નવરાત્રીમાં સ્ટાઈલિશ લૂકને સુપર વાઈબ્રન્ટ ટેટૂ સંપૂર્ણ બનાવે છે ત્યારે, બ્લેક પોઈઝન ટેટૂ સ્ટુડિયો દ્વારા નવરાત્રી થીમ ટેમ્પરરી બોડી આર્ટ ટેટૂ ડિઝાઇન કરવામાં આવ્યા છે. આ સ્પેશિયલ બોડીઆર્ટ ટેટૂમાં એક્સપર્ટ્સે નવરાત્રી ૨૦૨૬થી લઈને દેશભરમાં સમગ્ર વર્ષ દરમિયાન ચર્ચિત મુદ્દાઓ ફોલો કર્યા છે. ટ્રેડિશનલ થીમ સહિત ફૂડ એપ, માર્કેટ ડાઉન, નેપાળ પૂર, પેટ્રોલના ભાવ અને E૨૦ પેટ્રોલ સહિત અમદાવાદમાં કોમનવેલ્થ ૨૦30, સ્ટ્રેટ ઓફ હોર્મૂઝ, વર્લ્ડ કપ ૨૦૨૭, ઈરાન - યુએસએ વોર અને UPI ટેક્સ જેવા સમકાલીન મુદ્દાને પણ ક્રિએટિવ બોડી આર્ટમાં રજૂ કરાયા હતાં. સ્મિત મચ્છરે આ વિશે વાત કરતાં કહ્યું, આ શૂટમાં અમે, નવરાત્રીની ઉજવણી સહિત વર્તમાન સમયના સામાજિક, આર્થિક, રમતગમત અને વૈશ્વિક મુદ્દાઓને પણ આર્ટના માધ્યમથી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.








CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

### મેતો રંગ માં કપડાં બોળિયા રંગીલા રાસવિલા તારા નેણાંનો મને રંગ લાગ્યો

# ઢોલીને ધબકારે, સાજનના સથવારે ‘રાસવિલા’માં રાસ-ગરબાનો માહોલ જામ્યો રે...



RAAS VILLA
BY SPORTSVILLA















### મેદાનમાં ખેલૈયાઓ સાથે ગરબે રમ્યો

# સંસ્કૃતિના સૂર સાથે ટેકનોલોજીનો તાલ ક્લબ યુવીમાં રોબોટના ગરબા










**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રમાં પહેલી વખત રોબોટ ગરબા રમતો જોવા મળ્યો હતો. રાજકોટના કડવા પાટીદાર સમાજના આયોજન ક્લ્બ UV નવરાત્રિ મહોત્સવમાં પૃથ્વી નામનો રોબોટ ખેલૈયાઓની સાથે ગરબા રમતો નજરે પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે પૃથ્વી નામનો રોબોટ મંગળવારે રાત્રે એટલે કે ત્રીજા નોરતા દરમિયાન ગરબે ઘૂમ્યો હતો, એ જ રીતે આજે ચોથા નોરતે એટલે કે બુધવારે રાત્રે પણ રાજકોટના ખેલૈયાઓ સાથે ક્લ્બ UV નવરાત્રિ મહોત્સવમાં ગરબે ઘૂમતો જોવા મળશે.ત્રીજા નોરતે રાજકોટમાં આયોજિત ક્લ્બ યુવી નવરાત્રિ મહોત્સવમાં જેને આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું એ છે પૃથ્વી. એ કોઈ માનવી નથી પરંતુ પૃથ્વી નામનો રોબોટ છે જે માનવની જેમ જ ચાલતો, તાળી પાડતો અને ગરબાના સ્ટેપ લેતો નજરે પડ્યો હતો.દર વર્ષે નવું કરવાની નેમ સાથે આયોજન કરતા ક્લ્બ યુવી નવરાત્રિ મહોત્સવના આયોજકોએ આ વર્ષે પોતાના ખેલૈયાઓને એક સરપ્રાઈઝ આપતા ત્રીજા નોરતાની રાત્રે ૧૦ વાગ્યે પૃથ્વી નામના રોબોટને પ્રથમ સ્ટેજ ઉપર રજૂ કર્યો હતો. જ્યાં તે ગાયક કલાકારો સાથે ગરબે ઘૂમતો નજરે પડ્યો હતો. આ પછી મેદાનમાં અલગ સ્ટેજ બનાવી તેને પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને બાદમાં ક્લ્બ યુવીના ખેલૈયાઓ વચ્ચે પણ આ રોબોટ પૃથ્વી ગરબા રમતો નજરે પડ્યો હતો. આ દ્રશ્યો જોઈ સૌકોઈ આશ્ચર્ય ચકિત જરૂર થઈ ગયા હતા અને રોબોટને રમતો જોઈ પોતાના કેમેરામાં આ ક્ષણને કેપ્ચર કરી યાદગાર મુવમેન્ટ બનાવતા નજરે પડ્યા હતા.

> રાજકોટમાં પ્રથમવાર સ્ટેજ ઉપર રોબોટે ગરબા રમી જમાવટ કરી દીધી



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
12 | 14 OCTOBER 2026, WEDNESDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

### બિહારનું રહસ્યમય મંદિર

# નવરાત્રિમાં 10 દિવસ મંદિરમાં મહિલાનો પ્રવેશ નહીં

## તાંત્રિક વિધિઓ કરવામાં આવતી હોવાથી મહિલાઓને એન્ટ્રી આપવામાં આવતી નથી



**સિટી ન્યૂઝ@પટના**

બિહારના નાલંદા જિલ્લા સાથે એક અનોખી પરંપરા જોડાયેલી છે, જે દરેકને આશ્ચર્યચકિત કરી દે છે. બિહાર શરીફ જિલ્લા મુખ્યાલયથી માત્ર ૧૫ કિલોમીટર દૂર ગિરિયાક બ્લોકના ઘોસરાવન ગામમાં સ્થિત, પ્રખ્યાત મા આશાપુરી મંદિર નવરાત્રી દરમિયાન મહિલાઓને પ્રવેશવાની સખત મનાઈ કરે છે. પ્રતિપદા (ચંદ્ર મહિનાના પહેલા દિવસ) થી વિજયાદશમી આરતી પૂર્ણ થાય ત્યાં સુધી મંદિરના દરવાજા મહિલાઓ માટે બંધ રહે છે.

પૂજારીઓ અને ગ્રામજનોના મતે, આ આખો વિસ્તાર પ્રાચીન સમયથી તાંત્રિક પ્રથાઓનું મુખ્ય કેન્દ્ર રહ્યો છે. નવરાત્રિના આ ૧૦ દિવસો દરમિયાન, અહીં ખાસ તાંત્રિક વિધિઓ કરવામાં આવે છે, જ્યાં તાંત્રિકો તેમની સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. આ તાંત્રિક પરંપરા અને શિસ્તને કારણે, આ સમયગાળા દરમિયાન મહિલાઓને પ્રવેશવાની સખત મનાઈ છે.

દંતકથા અનુસાર, આ મંદિરનું નામ આશાપુરી રાખવામાં આવ્યું કારણ કે બૌદ્ધ કાળ દરમિયાન, લગભગ ૧,૮૦૦ બૌદ્ધ સાધુઓ અહીં પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવા આવતા હતા, અને આ ઈચ્છાઓ ઘણીવાર પૂર્ણ થતી હતી. ત્યારથી આજ સુધી, નવરાત્રિ દરમિયાન અહીં નિષ્ઠાપૂર્વક પૂજા કરનારા કોઈપણ ભક્તને તેમની ઈચ્છાઓ પૂર્ણ કરવામાં આવે છે. દંતકથા અનુસાર, રાજા ઘોષે આ મંદિરનું નિર્માણ એટલા માટે કરાવ્યું હતું કારણ કે દેવી આશાપુરી પોતે આ સ્થળે પ્રગટ થયા હતા. તેમના નામ પરથી ગામનું નામ ઘોસરવન રાખવામાં આવ્યું હતું.

નવરાત્રી દરમિયાન દસ દિવસ સુધી આ પવિત્ર શક્તિપીઠમાં મહિલાઓને પ્રવેશવાની મનાઈ હોવા છતાં, ભક્તોની શ્રદ્ધા અટલ રહે છે. આ સમય દરમિયાન, બિહાર, તેમજ કોલકાતા, ઓડિશા, મધ્યપ્રદેશ, આસામ, દિલ્હી અને ઝારખંડ જેવા દૂરના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ભક્તો માતા દેવીના આશીર્વાદ મેળવવા અને ધાર્મિક વિધિઓ કરવા માટે અહીં આવે છે. આ પરંપરા અનાદિ કાળથી સંપૂર્ણ ભક્તિભાવથી મનાવવામાં આવી રહી છે.



### પશ્ચિમ બંગાળમાં પુરુલિયા જિલ્લામાં આવેલ જયપુર રાજબાડી

# 360 દિવસ બેંક લોકરમાં રહે છે માતા દુર્ગાની સોનાની પ્રતિમા

## દુર્ગા પૂજાના અવસર પર પોલીસ સુરક્ષા વચ્ચે પ્રતિમાને બેંક લોકરમાંથી કાઢી લાવવામાં આવે છે

**સિટી ન્યૂઝ@કોલકાત્તા**

પશ્ચિમ બંગાળના પુરુલિયા જિલ્લામાં આવેલી જયપુર રાજબાડીની દુર્ગા પૂજા તેની અનોખી પરંપરા, ઐતિહાસિક વારસો અને માતા દુર્ગાની સુવર્ણ પ્રતિમાને કારણે વિશેષ ઓળખ ધરાવે છે. અહીં માતા દુર્ગાની સોનાની પ્રતિમા વર્ષના લગભગ ૩૬૦ દિવસ બેંકના લોકરમાં સુરક્ષિત રાખવામાં આવે છે. દુર્ગા પૂજાના અવસર પર ષષ્ઠીના દિવસે કડક પોલીસ સુરક્ષા વચ્ચે પ્રતિમાને બેંક લોકરમાંથી બહાર કાઢીને જયપુર રાજબાડીમાં લાવવામાં આવે છે. આ દરમિયાન સુરક્ષાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે. પૂજા પૂર્ણ થયા બાદ દશમીના દિવસે ફરીથી પોલીસ સુરક્ષા વચ્ચે પ્રતિમાને બેંકના લોકરમાં સુરક્ષિત રાખવામાં આવે છે.

જયપુર રાજબાડીની દુર્ગા પૂજાનું સૌથી મોટું આકર્ષણ માતા દુર્ગાની સુવર્ણ પ્રતિમા અને ચાંદીનું ચાલચિત્ર છે. માતાની પ્રતિમા દ્વિભુજ સ્વરૂપમાં છે. આ અનોખી પ્રતિમાના દર્શન કરવા માટે માત્ર પુરુલિયા જ નહીં, પરંતુ અન્ય જિલ્લાઓ અને રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ અહીં પહોંચે છે.

રાજપરિવાર પાસેથી મળેલી માહિતી અનુસાર, જયપુર રાજબાડીની દુર્ગા પૂજા લગભગ ૪૦૦ વર્ષ જૂની પરંપરા સાથે જોડાયેલી છે. માન્યતા છે કે રાજા જયસિંહના સમયથી આ વિસ્તારમાં રાજપરિવારની ધાર્મિક પરંપરાઓની શરૂઆત થઈ હતી. ત્યારબાદ રાજા કાશીનાથ સિંહના શાસનકાળ દરમિયાન પૂજા સમયે મંદિરમાં આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટના પછી રાજાએ માતા દુર્ગાની સુવર્ણ પ્રતિમા સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો હતો. રાજપરિવાર સાથે જોડાયેલી માન્યતા અનુસાર, રાજા કાશીનાથ સિંહને સ્વપ્નમાં માતા દુર્ગાએ સોનાની પ્રતિમા સ્થાપિત કરવાનો સંકેત આપ્યો હતો. ત્યારબાદ વારાણસીના કારીગરોને બોલાવીને માતાની સુવર્ણ પ્રતિમા અને ચાંદીનું ચાલચિત્ર તૈયાર કરાવવામાં આવ્યું હતું. રાજપરિવારના જણાવ્યા અનુસાર, આ બંનેના નિર્માણમાં મોટી માત્રામાં સોના અને ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયપુર રાજબાડીમાં ચોરીની એક ઘટના બાદ માતા દુર્ગાની સુવર્ણ પ્રતિમાની સુરક્ષા માટેની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, ચોરો રાજબાડીમાં ઘૂસીને અનેક કિંમતી વસ્તુઓ અને ઘરેણાં ચોરીને લઈ ગયા હતા.




સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
13 | 14 OCTOBER 2026, WEDNESDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883


# રાજકોટમાં રામાનંદી નવરાત્રી મહોત્સવમાં 7 હજારથી વધુ સમાજ બંધુઓએ ગરબે ઘૂમ્યા



## ભવ્ય નિશુલ્ક રામાનંદી રાસોત્સવ યોજાયો; રાજકીય આગેવાનો–સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા





**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા સતત બીજા વર્ષે રામાનંદી સાધુ સમાજ માટે ભવ્ય એક દિવસીય નિશુલ્ક રામાનંદી નવરાત્રી મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટના નાના મવા ચોકડી નજીક આવેલા ૧૫૦ ફૂટ રિંગ રોડ સ્થિત લિયો લાયન્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ મહોત્સવમાં ૭,૦૦૦થી વધુ રામાનંદી સાધુ સમાજના ભાઈઓ-બહેનો, યુવાનો અને પરિવારજનોએ એકસાથે ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. વિશાળ જનમેદની, ભક્તિભાવ અને પરંપરાગત સાંસ્કૃતિક માહોલ વચ્ચે યોજાયેલો આ મહોત્સવ સમાજની એકતા અને સંગઠનશક્તિનું પ્રતીક બન્યો હતો.સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ દ્વારા સતત બીજા વર્ષે યોજાયેલા આ નિશુલ્ક મહોત્સવમાં સમાજના હજારો સભ્યોની સહભાગિતાએ સામૂહિક એકતા, ધાર્મિક શ્રદ્ધા અને પરંપરાગત સંસ્કૃતિ પ્રત્યેની લાગણીને ઉજાગર કરી હતી. એક જ સ્થળે હજારો સમાજબંધુઓએ સાથે મળીને ગરબે ઘૂમી માતાજીની આરાધના કરતાં સમગ્ર ગ્રાઉન્ડ ભક્તિમય અને ઉત્સવમય બન્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી જીજ્ઞેશ રામાવતના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના કાર્યકરો રવિરાજભાઈ રામાવત, હિતેશભાઈ રામાવત, અનંતભાઈ નેનુજી. કેયુરભાઈ નિમાવત, મયંક રામાવત, સિદ્ધાર્થ લશ્કરી, દેવાંગ નિમાવત, કિશોરભાઈ નિમાવત, જયદીપ નિમ્બાર્ક, અલ્પેશભાઈ અગ્રાવત, અજય, દેવમુરારી, અનિલભાઈ દેવમુરારી, ચામુંડરાઈ માધવાચાર્ય, તરુણભાઈ નિમાવત, જિજ્ઞેશભાઈ અગ્રાવત, વિવેકભાઈ નિમાવત, જગદીશભાઈ ટીલાવત, અમિતભાઈ વૈષ્ણવ, કરણભાઈ કુબાવત, હરસુખભાઈ દેવમુરારી, જગદીશભાઈ અગ્રાવત, કવનભાઈ અગ્રાવત, ધ્રુવભાઈ રામાનુજ, રજનીભાઈ રામાવત, અશોકભાઈ ટીલાવત, રાજનભાઈ દેવમુરારી, જયસનભાઈ દેવમુરારી, પાવનભાઈ કુબાવત, રેનીશભાઈ દેવમુરારી, પ્રવીણભાઈ રામપ્રસાદી, શૈલેષભાઈ દેવમુરારી, જયેશભાઈ કુબાવત, રાજુભાઈ કુબાવત, માનવભાઈ નિમાવત, વિમલભાઈ કીલજી, નૈમીશ ટીલાવત, ચંદ્રકાંત લશ્કરી, અભિષેક રામાનુજ, પ્રીત નિમાવત, શ્યામ દેવમુરારી, ભાર્ગવ દેવમુરારી, હર્ષ નિમાવત, મિહિર અગ્રાવત, પ્રીતેશ કુબાવત, આર્યન સુખાનંદી,ગોતમ લશ્કરી અને સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સમાજના સભ્યોને એક મંચ પર એકત્રિત કરી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને આગળ વધારવાના ઉદ્દેશ સાથે યોજાયેલો આ મહોત્સવ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.




# પાવલી લઈને હું તો પાવાગઢ ગઈતી... ગીત પર ગોપીઓ ઝૂમી, સરગમનો ગોપી રાસોત્સવ જામ્યો

## રાજકોટમાં સરગમ લેડીઝ ક્લબના ગોપી રાસોત્સવમાં પ્રાચીન અને અર્વાચીન ગરબાની રમઝટ; મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ લેડીઝ ક્લબ આયોજિત ગોપી રાસોત્સવ-૨૦૨૬માં નવરાત્રિના રંગે રંગાયેલા રાજકોટમાં ગરબાની રમઝટ જામી છે. પાવલી લઈને હું તો પાવાગઢ ગઈતી... સહિતના ગરબાની તાલે બહેનો માતાજીની આરાધના કરી રહી છે. પ્રાચીન અને અર્વાચીન ગરબાની સુંદર રજૂઆત, ઓર્કેસ્ટ્રા અને જાણીતા ગાયકોના સૂરો મહોત્સવને વિશેષ આકર્ષણ બનાવી રહ્યા છે.નવરાત્રિના ત્રીજા દિવસથી જ આ આયોજન શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. દરરોજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવો મહેમાન તરીકે ઉપસ્થિત રહી સરગમ લેડીઝ ક્લબના આયોજનને બિરદાવી રહ્યા છે. બહેનોને ગરબા રમતી નિહાળવા મોટી સંખ્યામાં રાજકોટવાસીઓ ઉમટી રહ્યા છે. દર્શકો માટે બેસવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હોવાથી લોકો પરિવાર સાથે નવરાત્રિનો આનંદ માણી રહ્યા છે.

ગોપી રાસોત્સવમાં બહેનો રોજ અવનવા પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબે ઘૂમે છે. ગરબા અને રાસની સાથે માતાજીની ભક્તિનો માહોલ સર્જાય છે. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર બહેનોને પ્રોત્સાહિત કરવા ઈનામો પણ આપવામાં આવે છે.આ નવરાત્રિ દરમિયાન ડૉ. ભરત બોઘરા, ડૉ. દર્શિતાબેન શાહ, હેતલબેન પટેલ (DCP), ઘનશ્યામ હેરભા, દિલેશ પાબારી, મુકેશ દોશી, કિરીટ આદ્રોજા, રાજેશ કાલરિયા, ડૉ. વિભાકર વછરાજાની, શૈલેષ ડાંગર, જીમી અડવાણી, જશવંતસિંહ ભટ્ટી, જીતુ ભટ્ટ, નિદિત બારોટ, હરદેવસિંહ જાડેજા, મનસુખ ધંધૂકિયા, સુરેશ પરમાર, રાજેન્દ્ર મહેતા, રવિ ભટ્ટ, ગુણવંત ભટ્ટ અને જીવણ પટેલ સહિતના મહાનુભાવો મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રમુખ ગુણવંત ડેલાવાળાને સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના ગોપી રાસોત્સવમાં ભાનુબેન બાબરિયા, ડૉ. દર્શિતાબેન શાહ, ધનસુખ ભંડેરી, નરેશ પટેલ, પરાક્રમસિંહ જાડેજા, શૈલેષ માકડિયા, નિરંજન શાહ, નીરજ આર્ય, ચંદ્રકાન્ત શેઠ, મનોજ ઉનડકટ, કેતન પટેલ, પરેશ ગજેરા, હરેશ પરસાણા, કિરીટ પટેલ, નિખિલ પટેલ, જયદેવ આર્ય, રાજદીપસિંહ જાડેજા, શિવલાલ બારસીયા, શ્યામ શાહ, જતીન ભરાડ, હરેન આર. મહેતા, ખીમજી મકવાણા, યુસુફ માંકડા, પ્રફુલ્લ ધામી, ગૌતમ મહેતા, મુકેશ ગાજીપરા, નીતિન ચોટાઈ, શૈલેષ પટેલ, રાજુ રાયઠઠ્ઠા, ભાવેશ ઢોલરીયા, દિગ્વિજયસિંહ કે. જાડેજા, મનીષકુમાર ભટ્ટ, વલ્લભ દૂધાત્રા, લલિત વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ગોપી રાસોત્સવને સફળ બનાવવા સરગમ પરિવારના માર્ગદર્શક અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા તથા પ્રમુખ ગુણવંત ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશ ઉકાણી, ભરત સોલંકી, રાજભા ગોહિલ, જયસુખ ડાભી, રાજેન્દ્ર શેઠ, સુરેશ દેત્રોજા, કૌશિક વ્યાસ, કનૈયાલાલ ગજેરા, કિરીટ આડેસરા, હરેશ શાહ, લક્ષ્મણ ભૂત અને રાખીલ વાછાણી સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.લેડીઝ ક્લબનાં ડૉ. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, જસુમતિબેન વસાણી, ડૉ. માલાબેન કુંડલિયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, સંગીતાબેન સાંચલા, બિનાબેન ઠક્કર, હર્ષાબેન પીઠડીયા, નિતાબેન ઓઝા, હિનાબેન પારેખ અને ડૉ. અલ્કાબેન ધામેલિયા સહિતની સભ્યોની ટીમ પણ આયોજનને સફળ બનાવવા સક્રિય છે. સરગમ લેડીઝ ક્લબનો ગોપી રાસોત્સવ ભક્તિ, પરંપરા અને સંગીતના સમન્વયથી રાજકોટની નવરાત્રિમાં વિશેષ રંગ પૂરી રહ્યો છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
15 | 14 OCTOBER 2026, WEDNESDAY





CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883














# પ્રાચીન અને અર્વાચીન ગરબાના ફ્યુઝન પર સોનમ ગરબામાં ખેલૈયાઓ ઝૂમ્યા











**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વ વણિક નવનાત વણિક સમાજ સંગઠન અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ ગરબા મહોત્સવમાં ખેલૈયાઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. પ્રાચીન અને અર્વાચીન ગરબાના ફ્યુઝન સાથે યોજાતા આ રાસોત્સવમાં દરરોજ હજારો ખેલૈયાઓ અને મોટી સંખ્યામાં દર્શકો ઉમટી રહ્યા છે. આયોજનની ભવ્યતા અને અનોખી રજૂઆતને કારણે સોનમ ગરબાની લોકપ્રિયતા સતત વધી રહી છે.

સોનમ ગરબાના આયોજકો દર વર્ષે કંઈક નવું પીરસવાનો પ્રયાસ કરે છે. આ જ વિશેષતાને કારણે આ મહોત્સવને પ્રીમિયમ રાસોત્સવ તરીકે ઓળખ મળી છે. સ્ટેજ પર જાણીતા ગાયકો પ્રાચીન અને અર્વાચીન ગરબાનું ફ્યુઝન રજૂ કરી રહ્યા છે. ઓર્કેસ્ટ્રાના તાલે ઢોલ-નગારાની રમઝટ વચ્ચે ખેલૈયાઓ દાંડિયારાસ રમીને માતાજીની આરાધના કરી રહ્યા છે. સંગીત અને પરંપરાના અનોખા સમન્વયથી સમગ્ર પરિસરમાં ઉત્સવનો માહોલ છવાયો છે.

ત્રીજા નોરતે ખેલૈયાઓનો ઉત્સાહ નિહાળવા દિનેશભાઈ પાઠક (ચેરમેન, નાગરિક બેંક), દર્શનભાઈ શાહ (ભારત મશીન), કિશનભાઈ ગજેરા (પે ટચ), ડૉ. મેહુલભાઈ રૂપાણી, જયેશભાઈ ઉપાધ્યાય (બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ), જૈન અગ્રણી વિપુલભાઈ દોશી, એડવોકેટ દિલેશભાઈ શાહ, સુનિલ કોઠારી,

**» વિશ્વ વણિક સમાજ સંગઠન અને જૈન વિઝનના આયોજનમાં દરરોજ હજારો ખેલૈયાઓની જમાવટ, વિજેતાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા**

કુમારભાઈ ધાણક, મહેશભાઈ ધકાણ, દીપકભાઈ ધકાણ, રાહુલભાઈ મહેતા, પરેશભાઈ વઘાસિયા (મધુરમ ક્લબ), અતુલભાઈ શિંગાળા, ભોમિકભાઈ શાહ (રાજકોટ નાગરિક બેંક), હસુભાઈ દતાણી અને મિતુલભાઈ શિંગાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિશ્વ વણિક અને જૈન વિઝનની કમિટી દ્વારા વિજેતા ખેલૈયાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સોનમ ગરબા મહોત્સવને સફળ બનાવવા સી.એમ. શેઠ, મિલન કોઠારી, સુનિલ શાહ, અજિત જૈન, નીલ મહેતા, હિતેશ દેસાઈ, ધવલ મહેતા, પ્રતીક શાહ, કેતન સંઘવી, નિરવ મહેતા, કપિલ દેસાઈ, જય મહેતા, ડૉ. હાર્દિક શાહ, શૈલેષ મહેતા અને ચેતન મહેતા સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. સંગીત, ભક્તિ અને પરંપરાના સંગમથી સોનમ ગરબા રાજકોટના નવરાત્રિ મહોત્સવમાં વિશેષ આકર્ષણ બની રહ્યો છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
16 | 14 OCTOBER 2026, WEDNESDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

## પ્રાચીન ગરબીની પરંપરાના જતન માટે ઉદય કાનગડનો સેવાયજ્ઞ

# સતત ચોથા વર્ષે 500થી વધુ ગરબી મંડળોની બાળાઓને લ્હાણીનું વિતરણ















## ગુજરાતી સંસ્કૃતિના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતના ગરબાને વિશ્વસ્તરે ગૌરવભર્યું સ્થાન મળ્યું છે, ત્યારે પ્રાચીન ગરબીની પરંપરાનું જતન થાય અને નવી પેઢી પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે તેવા આશયથી ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા સતત ચોથા વર્ષે ૫૦૦થી વધુ ગરબી મંડળોની બાળાઓને લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું છે. વિધાનસભા-૬૮ના વોર્ડ નં. ૩, ૪, ૫, ૬, ૧૫ અને ૧૬માં સમાવિષ્ટ ગરબી મંડળોની બાળાઓને લ્હાણી આપીને નવરાત્રિના ઉત્સાહમાં સહભાગી બનવાનો પ્રયાસ કરાયો છે. નવરાત્રિ શક્તિની આરાધના અને ભક્તિનું પર્વ છે. ગુજરાતમાં ગરબા અને ગરબીની પરંપરા લોકસંસ્કૃતિ, સામૂહિક એકતા અને પેઢી દર પેઢી વહેતા સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. પ્રાચીન ગરબી મંડળોમાં જળવાતી પરંપરાગત વેશભૂષા, માતાજીની સ્તુતિ અને શિસ્તબદ્ધ સામૂહિક આરાધના ગુજરાતી સંસ્કૃતિની આગવી ઓળખ છે. ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે પ્રાચીન ગરબી આપણી શ્રદ્ધા, સંસ્કાર અને સાંસ્કૃતિક વારસાની અમૂલ્ય ધરોહર છે. તેમાં ભક્તિભાવ, શિસ્ત, એકતા અને પરંપરાનો સંગમ જોવા મળે છે, જે નવી પેઢીના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ છે. ગુજરાતના ગરબાને વિશ્વસ્તરે ગૌરવભર્યું સ્થાન મળ્યું છે, ત્યારે પ્રાચીન ગરબી મંડળોનું જતન કરી આ પરંપરાને ભાવિ પેઢી સુધી પહોંચાડવી સૌની સામૂહિક જવાબદારી છે. ગુજરાતના ગરબાએ આંતરરાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઊભી કરી છે. વર્ષ ૨૦૨૩માં યુનેસ્કોએ ગુજરાતના ગરબાને માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સ્થાન આપ્યું હતું. આ સિદ્ધિ ગુજરાત અને ભારત માટે ગૌરવની ક્ષણ બની હતી અને લોકપરંપરાઓના સંરક્ષણની જવાબદારીને પણ ઉજાગર કરે છે. ઉદય કાનગડે વધુમાં જણાવ્યું હતું કે પરંપરાગત વેશભૂષામાં માતાજીની આરાધના કરતી નાની બાળાઓ આપણી સંસ્કૃતિનું ભવિષ્ય છે. આ બાળાઓ માત્ર ગરબે ઘૂમતી દીકરીઓ નથી, પરંતુ ધાર્મિક પરંપરા અને સાંસ્કૃતિક વારસાની ભાવિ વાહક છે. તેમના ઉત્સાહને પ્રોત્સાહન મળે, ચહેરા પર સ્મિત છલકાય અને તેઓ ગૌરવપૂર્વક પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે, એ જ લ્હાણી વિતરણ પાછળનો મુખ્ય ભાવ છે. ધારાસભ્ય બન્યા બાદ શરૂ થયેલી આ સેવાભાવી પરંપરા સતત ચોથા વર્ષે પણ આગળ વધારવામાં આવી છે. આ પહેલનો હેતુ માત્ર ભેટ આપવાનો નહીં, પરંતુ પ્રાચીન ગરબી પ્રત્યે આદરભાવ વધારવો, બાળાઓની ભક્તિને પ્રોત્સાહન આપવું અને સમાજમાં એકતા તથા સદ્‌સંસ્કારોની ભાવના મજબૂત બનાવવાનો છે. અંતમાં ઉદય કાનગડે મા જગદંબાના ચરણોમાં પ્રાર્થના કરતાં દરેક દીકરીના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સદ્‌સંસ્કાર અને ઉજ્જ્વળ ભવિષ્ય આવે તેમજ નવરાત્રિ સૌના જીવનમાં ભક્તિ, શક્તિ, એકતા અને આનંદનો સંચાર કરે તેવી શુભકામના વ્યક્ત કરી હતી. આ સેવાકાર્યને સફળ બનાવવા શહેર ભાજપના આગેવાનો, વોર્ડના હોદ્દેદારો, કોર્પોરેટરો અને કાર્યકરોએ વિવિધ વિસ્તારોમાં વ્યવસ્થા સંભાળી હતી. તેમાં વલ્લભભાઈ દૂધાત્રા, કિશોરભાઈ રાઠોડ, અશ્વિનભાઈ મોલીયા, રમેશભાઈ પરમાર, ભાર્ગવ મિયાત્રા, સોમાભાઈ ભાલિયા, ગેલાભાઈ રબારી, કિન્નરીબેન ચૌહાણ, ચાંદનીબેન ગોંડલીયા, પરિમલભાઈ પરડવા, દલસુખભાઈ જાગાણી, મિલન લીંબશીયા, લીનાબેન રાવલ, ભરતસિંહ જાડેજા, જી.ડી. ભાખર, રસિકભાઈ પટેલ, સંજય ગોસ્વામી, જયેશભાઈ દવે અને વરજાંગભાઈ હુંબલ સહિતના આગેવાનો જોડાયા હતા. આ ઉપરાંત રણધીર સોનારા, કાનાભાઈ ડડેયા, પરેશ લીંબશીયા, અંકિત દૂધાત્રા, મયુર વજકાણી, હસુભાઈ કાચા, દિલીપ બોરિચા, દિનેશભાઈ ડાંગર, જીલાભાઈ સૂસરા, હરેશ ધંધુકિયા, મૌલિક પરમાર, જયવંતસિંહ જાડેજા, મનુભાઈ પ્રજાપતિ, જયદીપ કાકડિયા, હેમુભાઈ પરમાર, કંકુબેન ઉધરેજા, રાજેશ્રીબેન માલવિયા, કાળુભાઈ કુંગશિયા, ભરત લીંબશીયા, રસિલાબેન સાકરીયા, સ્મિતાબેન ગોહેલ, દિલીપભાઈ લૂણાગારિયા, સંજય ચાવડા, ધર્મિષ્ઠાબેન પરમાર, પૂનમબેન મોરવાડિયા, પરેશ પીપળીયા, અનિલ ચૌહાણ, નીલેશભાઈ હેરભા, અજય મજેઠીયા, મનસુખભાઈ પીપળીયા, અનિલભાઈ તરાવીયા, શૈલેષભાઈ લૂણાગરિયા, ભાવેશભાઈ દેથરિયા, કુલદીપસિંહ જાડેજા અને ભીખાભાઈ ગજેરા સહિતના કાર્યકરોએ સહયોગ આપ્યો હતો.

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

### મુરલીધર ગ્રુપના પ્રાચીન રાસ-ગરબામાં પરંપરા-સંસ્કૃતિનો અનોખો સંગમ

# શિવજીથી શ્રીકૃષ્ણ અને રવેચી માતા સુધી આજી વસાહતમાં ભક્તિ સાથે ગરબાની ધૂમ !





આજી વસાહતમાં રણ રણતી રવેચી માંના નાદથી ગુંજશે માહોલ !



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની આજી વસાહતમાં મુરલીધર ગ્રુપ દ્વારા પ્રાચીન રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. ધાર્મિક પરંપરા, સંસ્કૃતિ અને ભક્તિના ત્રિવેણી સંગમ સમાન આ આયોજનમાં રણ રણતી રવેચી માંના નાદ સાથે ગરબાનો માહોલ ભક્તિમય બનશે. આ રાસ-ગરબાની વિશેષતા એ છે કે બાળાઓ માતાજી અને ભગવાનનાં વિવિધ સ્વરૂપોની આકર્ષક વેશભૂષા ધારણ કરીને રજૂઆત કરશે. તેમની પરંપરાગત વેશભૂષા અને ધાર્મિક પાત્રોની ઝાંખી દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.આ આયોજનમાં ભગવાન શંકર અને શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપો સાથે મોગલ માં તથા કચ્છ-વાગડનાં આરાધ્ય રવેચી માતાની ભક્તિમય રજૂઆતો કરવામાં આવશે. પ્રાચીન રાસ-ગરબાની પરંપરાને જીવંત રાખવાના હેતુથી ધાર્મિક ભાવના સાથે સાંસ્કૃતિક રજૂઆતો કરવામાં આવશે.મુરલીધર ગ્રુપના આ રાસ-ગરબાને નિહાળવા દરરોજ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. ધાર્મિક આસ્થા અને પરંપરાગત ગરબાની રમઝટ માણવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી પણ મહેમાનો આ અનોખા રાસ-ગરબાને નિહાળવા આવશે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
18 | 14 OCTOBER 2026, WEDNESDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



# રાજકોટમાં સમસ્ત કોળી સમાજનું એક દિવસીય દાંડિયારાસનું આયોજન

## ગુજરાતમાં પહેલી વાર આવું આયોજન હશે જેમાં કોઈ પ્રમુખ નહીં, કોઈ આયોજક નહીં, આયોજક માત્ર સમસ્ત કોળી સમાજના સંકલ્પ સાથે 22 ઓક્ટોબરે શાસ્ત્રી મેદાનમાં યોજાશે કાર્યક્રમ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં સમસ્ત કોળી સમાજ દ્વારા સમાજમાં એકતા, ભાઈચારો અને પરંપરાગત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે એક દિવસીય દાંડિયારાસનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના ગુરુવારે સાંજે ૬ વાગ્યાથી લીમડા ચોક પાસે આવેલા શાસ્ત્રી મેદાનમાં આ કાર્યક્રમ યોજાશે.આ આયોજનની વિશેષતા એ છે કે તેમાં કોઈ વ્યક્તિને પ્રમુખ કે મુખ્ય આયોજક તરીકે સ્થાન આપવાને બદલે સમગ્ર સમસ્ત કોળી સમાજને જ આયોજક તરીકે રજૂ કરવામાં આવ્યો છે. સમાજના તમામ વર્ગોને એક મંચ પર લાવી એકતા અને ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવવાના આશયથી આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

દાંડિયારાસમાં સમાજના ભાઈઓ, બહેનો, યુવાનો અને બાળકોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ, આ પહેલ માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજના ઉત્થાન માટે સામૂહિક પ્રયાસોને વેગ આપવાનો પણ સંકલ્પ છે.

આગામી સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી બહેનો માટે રહેવા-જમવાની વ્યવસ્થા ઊભી કરવી, વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજવો અને સમાજમાં વ્યસનમુક્તિ માટે કાર્યક્રમો હાથ ધરવા જેવા હેતુઓ પણ આ પહેલ સાથે જોડાયેલા છે.



કાર્યક્રમમાં સમસ્ત કોળી સમાજના રાજ્યકક્ષાના હોદ્દેદારો, સાંસદો, ધારાસભ્યો, સમાજના મહંતો, રાજકીય આગેવાનો, વકીલો, પોલીસ કર્મચારીઓ, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સહિત વિવિધ સંગઠનો તથા જૂથોને ઉપસ્થિત રહેવા આહ્વાન કરવામાં આવ્યું છે.

આ આયોજનને સફળ બનાવવા અલ્પેશભાઈ સાપરીયા, પ્રવીણભાઈ મેર, વિજયભાઈ ગોલાણી, ચેતનભાઈ સોલંકી, જયદીપભાઈ સાકરીયા, વિપુલભાઈ સોલંકી, રોહિતભાઈ બારૈયા, કિરણભાઈ ડેરવાળીયા, જયદીપભાઈ કુકડીયા, અનિલભાઈ ઝંઝવાડીયા અને મહેશભાઈ સરવૈયા સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

સૂર્યવંશી માંધાતા ગ્રુપના પૂર્વ પ્રમુખ વલ્લભભાઈ પરમાર, શૈલેષભાઈ જાદવ, વિરમભાઈ રાઠોડ, અનિલભાઈ કુકડીયા અને વીરજીભાઈ રાઠોડ સહિત સમાજના આગેવાનો, આયોજક સમિતિના સભ્યો તેમજ મહિલા અગ્રણીઓ દિપીબેન સોલંકી અને ભાવનાબેન ડોડીયા પણ આયોજનમાં સહયોગ આપી રહ્યાં છે. આવો, ઢોલ-નગારાના તાલે મળીએ એકતાના રંગેના સંદેશ સાથે સમાજના લોકોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે.

કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે 9033999934, 7096021111, 9664644615, 8200836083 અને 7359983897 પર સંપર્ક કરી શકાશે. સમસ્ત કોળી સમાજ દ્વારા એકતા, સંસ્કૃતિ અને ભાઈચારાના સંદેશ સાથે સમાજના તમામ લોકોને આ દાંડિયારાસમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

સમાજની એકતા, સંસ્કૃતિ અને ભાઈચારાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે યોજાનારા આ દાંડિયારાસમાં સમાજના તમામ લોકોને સહભાગી બનવા આયોજકોએ અપીલ કરી છે.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
00:00:12
નવલા નોરતા
સિટી ન્યૂઝ આપશે ફેમસ
થવાનું સૌથી મોટું પ્લેટફોર્મ
બેસ્ટ ગરબા રીલ્સ મોકલો અમને
અમારી સોશિયલ મીડિયામાં કરીશું રિ-પોસ્ટ
રાહ શેની જુઓ છો?
ગરબામાં લોકપ્રિય
બનવા આ નંબર ઉપર
વીડિયો વોટ્સઅપ કરો
+91 81409 88883

## ગંગા નદીમાં હોડી ઊંધી વળતા એક જ પરિવારની 7 બાળકીઓ હતી

# બિહારમાં બોટ પલટતા 13 લોકોનાં મોત

» **તમામ લોકો શ્રાધ્ધના ભોજન માટે જઈ રહ્યા હતા**

સિટી ન્યૂઝ@પટના



વૈશાલીના રાઘોપુરમાં ગંગા નદીમાં હોડી ઊંધી વળી ગઈ. આ દુર્ઘટનામાં ૧૩ બાળકોના મોત થયા છે. તમામની ઉંમર ૬ થી ૧૫ વર્ષની વચ્ચે બતાવવામાં આવી રહી છે. મૃતકોમાં ૭ બાળકીઓ એક જ પરિવારની હતી.

દુર્ઘટના રાત્રે આશરે ૮.૩૦ વાગ્યે થઈ. જ્યારે ૨૫ થી વધુ લોકો એક નાની હોડીમાં બેસીને નદી પાર કરીને શ્રાદ્ધના ભોજનમાં જઈ રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોમાં પિંકી કુમારી, અંકિતા કુમારી, સુનીતા કુમારી, આર્યન કુમાર, અલીશા કુમારી, સીકી કુમારી, ભોણૂ કુમારી અને મીરા કુમારી સામેલ છે.

વૈશાલીના ડીએમ વર્ષા સિંહે જણાવ્યું છે કે ૭ ઈજાગ્રસ્તોને પટના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા છે. કેટલા બાળકો લાપતા છે, તેની માહિતી સામે આવી નથી. રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. અહીં, સીએમ સમ્રાટ ચૌધરીએ મૃતકોના પરિજનોને ૪-૪ લાખ અને પીએમઓએ ૨-૨ લાખ રૂપિયા વળતરની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારની રકમ આપવામાં આવશે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે રામપુર શ્યામચંદ પંચાયતના ભગતાન ટોલાના માતા મહારાણી સ્થાન પાસે સિંઘેશ્વર રાયના ઘરે જમણવાર હતો. નાની બોટમાં આશરે ૨૦ લોકો જઈ રહ્યા હતા. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓમાં છોકરીઓની સંખ્યા વધુ છે. એસડીઆરએફની ટીમ બચાવ કામગીરી માટે પહોંચી ગઈ છે. વિપક્ષના નેતા તેજસ્વી યાદવ આ વિસ્તારના ધારાસભ્ય છે. તેમણે X પર પોસ્ટ કરીને દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું છે.

સીએમ સમ્રાટ ચૌધરીએ દુર્ઘટનાને અત્યંત દુખદ અને હૃદયદ્રાવક ગણાવી છે. તેમણે કહ્યું, "આ મુશ્કેલ સમયમાં મારી સંવેદનાઓ શોકગ્રસ્ત પરિવારો સાથે છે. ઈશ્વર દિવંગત આત્માઓને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારોને આ અપાર દુખ સહન કરવાની શક્તિ આપે.

રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયાની વળતરની રકમ આપવામાં આવશે. વહીવટીતંત્રને રાહત અને બચાવ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તેમજ ઘાયલોની વધુ સારી સારવારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.



## દુર્ગા પંડાલમાં જઈ રહ્યા હતા ત્યારે ઘટના બની

# મમતા પર ચાકુથી હુમલાનો પ્રયાસ

સિટી ન્યૂઝ@કોલકાત્તા

પશ્ચિમ બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર તેમના ઘર નજીક મંગળવારે સાંજે એક મહિલાએ છરીથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો. ઘટના સાંજે લગભગ ૬ વાગ્યાની છે, જ્યારે મમતા કાલીઘાટ સ્થિત પોતાના નિવાસસ્થાન નજીક દુર્ગા પંડાલનું ઉદ્ઘાટન કરવા જઈ રહ્યાં હતાં. મમતા આ ઘટનામાં ઘાયલ થયા નથી. ઘટના બાદ તેમણે પૂજા પંડાલનું ઉદ્ઘાટન કર્યું અને ત્યારબાદ પોતાના નિવાસસ્થાને પરત ફર્યાં. TMCનાં પૂર્વ રાજ્યસભા સાંસદ ડોલા સેને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી મહિલાનું નામ તનિષ્ઠા સાહા છે. સેને આરોપ લગાવ્યો કે મહિલા નશાની હાલતમાં ગાળો આપી રહી હતી અને છરી લઈને મમતા તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહી હતી. પોલીસે તેને કસ્ટડીમાં લીધી છે. મહિલાએ કથિત રીતે પોતાને મમતા બેનર્જીની ભત્રીજી ગણાવી અને તેમની પાસે પહોંચવાનો પ્રયાસ કરતાં રસ્તા પર સૂઈ જઈને હંગામો કર્યો. ડોલા સેને કહ્યું કે મમતા બેનર્જીને Z+ શ્રેણીની સુરક્ષા મળેલી છે.

**મહિલા આરોપી નશામાં જોવા મળી**

## જંતર-મંતર ઉપર પ્રદર્શન કરવા ગયા હતા

# CJP નેતાઓને 5 દિવસની જેલ



અંગત બોન્ડ પર અજિંક્ય મૂક્ત

સિટી ન્યૂઝ@ઈન્દોર

કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાંકા અને સૌરવ દાસને દિલ્હીની સ્પેશિયલ કોર્ટે ૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાડ જેલ મોકલી દીધા છે. જ્યારે અજિંક્ય શિંદેને ખાનગી બોન્ડ પર મુક્ત કરી દેવામાં આવ્યા હતા.

ત્રણેયને મંગળવાર સવારે જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. રાત્રે ૩ વાગ્યે તેમને સાવચેતીના પગલા તરીકે ધરપકડ કરવામાં આવી હતી. બુધવારે સવારે તેમને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે જંતર-મંતર પર તિરંગો લહેરાવવો કોઈ ગુનો નથી. યુવાનોને જેલમાં મોકલવું કાયરતા છે.

CJPની કાનૂની ટીમનાં વડા રત્ના સિંહના જણાવ્યા મુજબ, ત્રણેય પર મંજૂરી વિના જંતર-મંતરમાં પ્રવેશવા, બોન્ડની શરતો તોડવા અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાના આરોપો છે. આશુતોષ અને સૌરવને ૧૦ ઓક્ટોબરે પણ ફ્લાઈટમાંથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. CJP એ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગને લઈને અને SIRના વિરોધમાં ૧૦ ઓક્ટોબરે જંતર-મંતર પર પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. CJPના સ્થાપક અભિજીત દીપકે, પ્રવક્તા સૌરવ દાસ અને આશુતોષ રાંકાને દિલ્હી એરપોર્ટ પર જ પોલીસે ફ્લાઈટમાંથી કસ્ટડીમાં લીધા હતા.




# સ્પાઇસજેટના 40 પાઈલોટોએ પગાર નહીં મળે ત્યાં સુધી વિમાનો ઉડાવવાની ના પાડી દીધી



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સ્પાઇસજેટના Q૪૦૦ વિમાનોના કાફલા સાથે સંકળાયેલા લગભગ ૪૦ પાઇલટોએ બાકી પગારની ચુકવણી ન થાય ત્યાં સુધી વિમાન ઉડાવવાનો ઇનકાર કર્યો હોવાનો અહેવાલ સામે આવ્યો છે. પાઇલટોએ સ્પષ્ટ વલણ અપનાવ્યું છે કે ઍરલાઇન દ્વારા તેમનો બાકી પગાર ચૂકવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ વિમાનો ઉડાવશે નહીં.

પાઇલટોના આ વલણને તેમના સંગઠન ઍરલાઇન્સ પાઇલટ્સ અસોસિએશન ઑફ ઇન્ડિયા (ALPA)એ પણ સમર્થન આપ્યું છે. પગારની બાકી ચુકવણીને લઈને ઊભા થયેલા આ વિવાદથી ઍરલાઇનના સંચાલન અંગે સવાલો ઊભા થયા છે.

બજેટ ઍરલાઇન સ્પાઇસજેટ છેલ્લા ઘણા સમયથી નાણાકીય અને સંચાલનલક્ષી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. આ મુશ્કેલીઓ વચ્ચે પાઇલટો અને ક્રૂના પગારની ચુકવણીનો મુદ્દો પણ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ, સ્પાઇસજેટ એપ્રિલ મહિનાથી પાઇલટો અને ક્રૂના પગારની ચુકવણી સંબંધિત સમસ્યાનો સામનો કરી રહી છે. આ જ મુદ્દાને લઈને Q૪૦૦ વિમાનો સાથે સંકળાયેલા પાઇલટોએ બાકી રકમ ન મળે ત્યાં સુધી વિમાન ન ઉડાવવાનો નિર્ણય લીધો હોવાનું જણાવાયું છે.

જોકે, સ્પાઇસજેટના પ્રવક્તાએ આ અહેવાલથી અલગ સ્થિતિ રજૂ કરતાં જણાવ્યું હતું કે કંપનીના તમામ પાઇલટો નિર્ધારિત કાર્યક્રમ મુજબ કામ કરી રહ્યા છે અને તમામ ફ્લાઇટ્સ સામાન્ય રીતે ચાલી રહી છે. આમ, પાઇલટોના વિરોધના અહેવાલ વચ્ચે ઍરલાઇને હવાઈ સેવાઓ સામાન્ય હોવાનો દાવો કર્યો છે.

સ્પાઇસજેટમાં પાઇલટો અને ક્રૂના પગારની ચુકવણીનો મુદ્દો એપ્રિલથી ચાલી રહ્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. એક તરફ લગભગ ૪૦ પાઇલટો બાકી પગારની ચુકવણી સુધી વિમાન ન ઉડાવવાના વલણ પર હોવાનું કહેવાય છે, તો બીજી તરફ કંપનીના પ્રવક્તાએ તમામ પાઇલટો કામ પર હોવા અને ફ્લાઇટ્સ સામાન્ય રીતે ચાલતી હોવાની વાત કરી છે.




# સ્પાઈસ જેટની રૂા. 144 કરોડ જમા કરાવવાની મુદ્દત વધારવાની અરજી હાઈકોર્ટે ફગાવી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે ૧૩ ઓક્ટોબરે સ્પાઇસજેટ લિમિટેડ અને તેના મેનેજિંગ ડિરેક્ટર અજય સિંહની રૂ. ૧૪૪ કરોડ જમા કરાવવા માટે વધુ સમય માગતી અરજી ફગાવી દીધી હતી. અગાઉના કોર્ટના આદેશો મુજબ આ રકમ જમા કરાવવાની છે. કંપની અને અજય સિંહે કોર્ટમાં વ્યક્તિગત ખાતરી પણ આપી હતી કે તેઓ આ રકમ જમા કરાવશે.

દિલ્હી હાઈકોર્ટે ૧૩ જુલાઈ, ૨૦૨૬એ આદેશમાં સ્પાઇસજેટ અને અજય સિંહને ૪૫ દિવસની અંદર રૂ. ૫૦ કરોડ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટના મતે આ રકમ જમા કરાવવી એ કોર્ટના આદેશોનું પાલન કરવાની તેમની ગંભીરતા દર્શાવવા માટે જરૂરી હતું. બાકીના રૂ. ૯૪ કરોડ ૯૦ દિવસની અંદર જમા કરાવવાના હતા. આમ, કુલ રૂ. ૧૪૪ કરોડ જમા કરાવવાના છે.

સ્પાઇસજેટે મુદત વધારવાની માગ સાથે હરિયાણાના ગુરુગ્રામ સ્થિત ઉદ્યોગ વિહાર વિસ્તારમાં આવેલી પોતાની સંપત્તિના દસ્તાવેજો જમા કરાવવાની મંજૂરી પણ માગી હતી. જોકે કોર્ટે આ માગ પણ ફગાવી દીધી હતી. કોર્ટે ટિપ્પણી કરી હતી કે જો સ્પાઇસજેટે પ્રથમ હપતા તરીકે રૂ. ૫૦ કરોડ જમા કરાવ્યા હોત, તો તે સંપત્તિના દસ્તાવેજો જમા કરાવવાના પ્રસ્તાવ પર વિચાર કરવા તૈયાર થઈ શકી હોત.

આ કેસમાં ૧૯ મે, ૨૦૨૬એ સુપ્રીમ કોર્ટે સ્પાઇસજેટ અને અજય સિંહને મધ્યસ્થી સંબંધિત બાકી ચુકવણીની રકમ જમા કરાવવાના દિલ્હી હાઈકોર્ટના આદેશમાં દખલ કરવાનો ઇનકાર કર્યો હતો. ત્યાર બાદ બંનેએ દિલ્હી હાઈકોર્ટમાં રકમ જમા કરાવવાની મુદત વધારવાની માગ કરી હતી. આ વિવાદ કાલ એરવેઝ પ્રાઇવેટ લિમિટેડ અને કલાનિધિ મારનના પક્ષમાં આપવામાં આવેલા મધ્યસ્થી ચુકાદા સાથે સંબંધિત છે. એક તરફ આ ચુકાદાનો અમલ કરાવવા માટે કાનૂની કાર્યવાહી ચાલી રહી છે, તો બીજી તરફ સ્પાઇસજેટ અને અજય સિંહે મધ્યસ્થી અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ની કલમ ૩૪ હેઠળ આ ચુકાદાને પડકાર્યો છે.

## વિશ્વના સૌથી ધનિક એલોન મસ્કની ટ્રાન્સજેન્ડર પુત્રી મસ્ક અટક હટાવીને પિતા સાથેના તમામ સબંધો તોડી નાંખ્યા

# સ્ટારડમ વચ્ચે પારિવારિક વિવાદ પોતાના સંતાનોથી દૂર થયા 7 સેલેબ્સ

સિટી ન્યૂઝ@મુંબઈ

પોતાના બાળકોને નકારી દેનારા કે અંતર બનાવનારા ૭ જાણીતા સેલેબ્સહોલીવુડ, સ્પોર્ટ્સ અને ટેક વર્લ્ડના ઘણા જાણીતા ચહેરાઓએ પ્રોફેશનલ લાઇફમાં મોટી સફળતા મેળવી છે, પરંતુ પર્સનલ લાઇફમાં સંતાનો સાથે ગંભીર મતભેદોનો સામનો કરવો પડ્યો છે. અહીં જુઓ આ ૭ સેલિબ્રિટીઝ અને તેમના પારિવારિક વિવાદોની સંપૂર્ણ વિગતો.

## મિરિયમ માર્ગોલિસ



મિરિયમ માર્ગોલિસ (Miriam Margolyes) બ્રિટિશ-ઓસ્ટ્રેલિયન કેરેક્ટર એક્ટ્રેસ અને જાણીતા વોઇસ આર્ટિસ્ટ.
**સિદ્ધિઓ:** 'હેરી પોટર' ફિલ્મ સિરીઝમાં પ્રોફેસર સ્પ્રાઉટ તરીકે વિશ્વપ્રસિદ્ધ; 'ધ એજ ઓફ ઈનોસન્સ' માટે બાફ્ટા (BAFTA) એવોર્ડ વિજેતા.
**પારિવારિક વિવાદ:** જ્યારે મિરિયમે પોતાના પરિવાર સમક્ષ પોતે લેસ્બિયન હોવાનું જણાવ્યું, ત્યારે તેના પરિવારે તેને સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો અને ધર્મગ્રંથ 'તોરાહ' (Torah) પર હાથ રાખીને જાતીયતા બદલવાની કસમ ખાવા મજબૂર કરી હતી.

## બ્રેડ પિટ



બ્રેડ પિટ (Brad Pitt) હોલીવુડના ટોચના અભિનેતા અને ફિલ્મ નિર્માતા.
**સિદ્ધિઓ:** 'વન્સ અપોન અ ટાઇમ ઈન હોલીવુડ' માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર ઓસ્કર અને '૧૨ યર્સ અ સ્લેવ' માટે બેસ્ટ પિક્ચર ઓસ્કર એવોર્ડ વિજેતા.
**પારિવારિક વિવાદ:** એન્જેલીના જોલી સાથેના વિવાદો બાદ તેમની પુત્રી શિલોહ (Shiloh) એ ૧૮ વર્ષની થતાં જ કાયદેસર રીતે પિતાની અટક હટાવી દીધી હતી અને સંબંધો સંપૂર્ણપણે સમાપ્ત કરી દીધા હતા.



## મેજિક જોનસન

મેજિક જોનસન (Magic Johnson) અમેરિકાના દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડી (NBA લેજન્ડ) અને સફળ બિઝનેસમેન.
**સિદ્ધિઓ:** લોસ એન્જલસ લેકર્સ સાથે ૫ વખત NBA ચેમ્પિયનશિપ જીતી, ૩ વખત NBA મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર (MVP) રહ્યા અને ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ છે.
**પારિવારિક વિવાદ:** જ્યારે તેમના પુત્ર ઈજે જોનસને (EJ Johnson) પોતે 'ગે' હોવાનો ખુલાસો કર્યો, ત્યારે શરૂઆતમાં મેજિક જોનસને તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. તેમણે સ્પોર્ટ્સ દ્વારા પોતાના પુત્રને 'સુધારવા'નો પ્રયાસ કર્યો હતો.

## જેકી ચેન



જેકી ચેન (Jackie Chan) ઈન્ટરનેશનલ માર્શલ આર્ટિસ્ટ, એક્શન સુપરસ્ટાર, ડિરેક્ટર અને પ્રોડ્યુસર.
**સિદ્ધિઓ:** સિનેમામાં ખતરનાક સ્ટંટ્સ માટે પ્રખ્યાત; ફિલ્મ જગતમાં આજીવન યોગદાન બદલ ઓનરરી એકેડેમી એવોર્ડ (ઓસ્કર)થી સન્માનિત.
**પારિવારિક વિવાદ:** જેકી ચેનની પુત્રી એટા એનજી ચોક લામ (Etta Ng Chok Lam) લેસ્બિયન છે. એવા અહેવાલો સામે આવ્યા હતા કે જેકી ચેને પોતાની પુત્રી સાથેના તમામ આર્થિક સંબંધો તોડી નાખ્યા હતા, જેના કારણે તે બેઘર (Homeless) થવાની પરિસ્થિતિમાં મુકાઈ ગઈ હતી.

## રોબર્ટ ડી નીરો



રોબર્ટ ડી નીરો (Robert De Niro) વિશ્વવિખ્યાત અમેરિકન અભિનેતા અને હોલીવુડ લિજેન્ડ.
**સિદ્ધિઓ:** 'ધ ગોડફાધર પાર્ટ ૨' અને 'રેજિંગ બુલ' ફિલ્મો માટે બે વખત પ્રતિષ્ઠિત એકેડેમી એવોર્ડ (ઓસ્કર) વિજેતા.
**પારિવારિક વિવાદ:** રોબર્ટ ડી નીરો અને તેમના ટ્રાન્સજેન્ડર સંતાન વચ્ચે અંગત મતભેદો વધતાં બંને વચ્ચે અંતર આવી ગયું હતું અને સંબંધો વણસ્યા હતા.

## એલોન મસ્ક



એલોન મસ્ક (Elon Musk) ટેસ્લા (Tesla), સ્પેસએક્સ (SpaceX) અને એક્સ (X)ના માલિક તથા વૈશ્વિક ટેક ઉદ્યોગપતિ.
**સિદ્ધિઓ:** રિયૂઝેબલ રોકેટ ટેક્નોલોજી અને ઈલેક્ટ્રિક કાર ક્રાંતિના પ્રણેતા; વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓની યાદીમાં મોખરે.
**પારિવારિક વિવાદ:** એલોન મસ્કની ટ્રાન્સજેન્ડર પુત્રી વિવિયન જેના વિલ્સને (Vivian Jenna Wilson) કાયદેસર રીતે મસ્ક અટક હટાવીને પિતા સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા. મસ્કે જાહેર નિવેદનમાં કહ્યું હતું કે તેમની પુત્રી તેમના માટે 'મૃત' સમાન છે અને આ માટે 'વોક માઇન્ડ વાયરસ' (Woke Mind Virus) જવાબદાર છે.

## સિસી હ્યુસ્ટન



સિસી હ્યુસ્ટન પ્રખ્યાત અમેરિકન ગોસ્પેલ અને સોલ સિંગર (દિવંગત પોપ સુપરસ્ટાર વ્હિટની હ્યુસ્ટનની માતા).
**સિદ્ધિઓ:** સંગીત જગતમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ૨ વખત ગ્રેમી એવોર્ડ વિજેતા.
**પારિવારિક વિવાદ:** સિસી હ્યુસ્ટને પોતાની પુત્રી વ્હિટની હ્યુસ્ટનની સેક્સ્યુઅલિટી સ્વીકારવાની ના પાડી દીધી હતી અને તેના સાચા પ્રેમને દુનિયાથી છુપાવવા માટે તેના પર સતત દબાણ કર્યું હતું.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
14 OCTOBER 2026,
WEDNESDAY
23



તનુશ્રીએ કહ્યું, બોલિવુડમાં કોઈએ મૃતદેહ જોયો નથી

# નાના પાટેકર વિદેશમાં જીવિત હોઈ શકે છેઃ તનુશ્રી દત્તા

## રાતે અંતિમ સંસ્કાર સામે વાંધો ઉઠાવ્યો, કાનૂની કાર્યવાહી ટાળવા માટે નાટકનું આયોજન હોઈ શકે છે

સિટી ન્યૂઝ@મુંબઈ

અભિનેત્રી તનુશ્રી દત્તાએ પીઢ અભિનેતા નાના પાટેકરના મૃત્યુ અને તેમના અંતિમ સંસ્કારના સમય અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન, તનુશ્રીએ દાવો કર્યો હતો કે બોલિવૂડ કે મીડિયામાંથી કોઈએ નાના પાટેકરનો મૃતદેહ જોયો નથી.તેણીએ રાત્રે ૧૧:૨૮ વાગ્યે અંતિમ સંસ્કાર ઉતાવળમાં કરવા સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. તનુશ્રીએ આરોપ લગાવ્યો હતો કે કાનૂની કાર્યવાહી ટાળવા માટે આ નાટકનું આયોજન કરવામાં આવ્યું હોઈ શકે છે. તનુશ્રી દત્તાએ ઈન્સ્ટાગ્રામ લાઈવમાં કહ્યું કે બોલિવૂડ અને મીડિયાના લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે કોઈ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું ન હતું. તનુશ્રીએ પ્રશ્ન ઉઠાવ્યો કે રાત્રિના આટલા અંધારામાં અંતિમ સંસ્કાર કરવામાં આટલી ઉતાવળ શું હતી અને શું તેમના પરિવારે તેમનો ચહેરો પણ યોગ્ય રીતે જોયો હતો. તનુશ્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન હોસ્પિટલની પ્રક્રિયાઓ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેણીએ કહ્યું હતું કે તેના અકસ્માતના ફોટા અને વીડિયો સામે આવ્યા છે.જોકે, નાના પાટેકરને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, ત્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા અને પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું તેનો એક પણ વીડિયો કે ફોટો સામે આવ્યો નથી.



# ઈશા અંબાણીના રાધા-કૃષ્ણ ચણિયાચોળી 10 કારીગરોએ તૈયાર કર્યા



દેવી શક્તિ’ ઉજવણીમાં ઈશા અંબાણીના રાધા-કૃષ્ણ થીમ આધારિત આઉટફિટએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું.ઈશા તોરાણી અને સ્વદેશ દ્વારા ડિઝાઈન કરાયેલ હાથથી રંગેલા ડ્રેસમાં આવી હતી, સાથે તેની માતા નીતા અંબાણીના પર્સનલ કલેકશનમાંથી જવેલરી પણ ફરી હતી. વાદળી, લાલ, લીલો અને પીળો કલરના બ્લેન્ડમાં ટોનોટોની ખાસ પરાંડીએ ડ્રેસની સુંદરતાને કમ્પ્લીટ કરી હતી.ડિઝાઈનર થોરાનીએ આ દુર્લભ આઉટફટિ બનાવવાની પ્રક્રિયા વિશે જણાવ્યું હતું કે "૧૦ કારીગરો, ૯૦ દિવસથી વધુ સમયનું ચિત્રકામ, ૨,૦૦૦ કલાકથી વધુ કારીગરી હતી. સ્વદેશના સહયોગથી બનાવેલ, ઈશાનો નવરાત્રી પોશાક ઓડિશાના પટ્ટાચિત્રને પ્યોર રેશમી યાર્ન પર કલાહસ્તીની કલાત્મકતા સાથે જોડે છે.ચોલી, દુપટ્ટા અને લહેંગા રાધા અને કૃષ્ણની રાસલીલા દર્શાવે છે. ઝરદોઝી, ફ્રેન્ચ ગાંઠો, મોતી વર્ક, મિરર ઓઈલ અને કુંચલમ આ છબીઓની આસપાસ કોતરવામાં આવ્યા છે, દરેક વિગતમાં કોઈની ધીરજ, જ્ઞાન અને પ્રેમ સમાયેલ છે.’’

77 વર્ષની ઉંમરે નૃત્યનાટિકા

# દુર્ગા પર્ફોમ કરીને સ્ટેજ ગજવ્યું હેમા માલિનીએ

સિટી ન્યૂઝ@મુંબઈ

૭૭ વર્ષની ઉંમરે પણ હેમા માલિની શાસ્ત્રીય નૃત્ય પ્રત્યેના પોતાના પ્રેમને જીવંત રાખી રહ્યાં છે. તેઓ મંચ પર દૈવી કથાઓને જીવંત કરીને પ્રેક્ષકો સમક્ષ રજૂ કરે છે. અભિનેત્રી અને ભરતનાટ્યમ્ નૃત્યાંગના હેમા માલિનીએ હૈદરાબાદમાં પોતાની જાણીતી નૃત્યનાટિકા ’દુર્ગા’ની રજૂઆત કરીને નવરાત્રિની શરૂઆતને ખાસ બનાવી હતી. આ રજૂઆતમાં માતા પાર્વતીનું રૂપ ધારણ કરીને તેમણે પોતાની કલાના માધ્યમથી દૈવી પાત્રને સાકાર કર્યું હતું.તેમણે સોશ્યલ મીડિયા પર આ ખાસ સાંજની કેટલીક ઝલક શૅર કરીને આ અનુભવને આશીર્વાદ સમાન ગણાવ્યો હતો. હેમા માલિનીએ ૧૧ ઑક્ટોબરે ક્લાસિક કન્વેન્શન સેન્ટરમાં પોતાની લોકપ્રિય નૃત્યનાટિકા ’દુર્ગા’ રજૂ કરી હતી. આ કાર્યક્રમ તેલંગણના અગ્રવાલ સમાજ દ્વારા આયોજિત ઉજવણીનો ભાગ હતો. આ પ્રસંગ મહારાજા અગ્રસેન જયંતી સાથે પણ સંકળાયેલો હતો. હેમા માલિનીએ શૅર કરેલી તસવીરો બમાં તેઓ ભગવાન શિવની ભૂમિકા ભજવતા કલાકાર સાથે માતા પાર્વતીના રૂપમાં જોવા મળ્યાં હતાં.



# ઉપલેટાના સોની વેપારી સાથે 22.64 લાખની ઠગાઈનો આક્ષેપ

## 20 વર્ષ જૂની ઓળખનો વિશ્વાસ કેળવી રૂ.61.64 લાખનાં સોનાનાં દાગીના ખરીદ્યાં, રૂ.39 લાખ ચૂકવી બાકીની રકમ નહીં આપતાં પોલીસ ફરિયાદ

**સિટી ન્યૂઝ@ઉપલેટા**

ઉપલેટામાં સોનાનાં દાગીનાની ખરીદીના નામે વેપારી સાથે રૂ. ૨૨.૬૪ લાખની છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે. સેવંત્રાના દેવરખી વેજાનંદભાઈ બારિયાએ ઇન્દ્રપ્રસ્થ જ્વેલર્સના સંચાલક હિરેનભાઈ બંકીમચંદ્ર ધીનોજા પાસેથી રૂ. ૬૧.૬૪ લાખનાં સોનાનાં દાગીના ખરીદ્યા બાદ રૂ. ૩૯ લાખ ચૂકવી બાકીના રૂ. ૨૨.૬૪ લાખ નહીં ચૂકવતાં વેપારીએ ઉપલેટા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ઉપલેટાના મંડપ રોડ પર જીરાખા પ્લોટમાં રહેતા હિરેનભાઈ ધીનોજાની વડલી ચોકમાં ઇન્દ્રપ્રસ્થ જ્વેલર્સ નામે દુકાન આવેલી છે. આરોપી દેવરખી વેજાનંદભાઈ બારિયા તેમની દુકાને અવારનવાર સોનાનાં દાગીના ખરીદવા આવતો હતો. વેપારી તેને આશરે ૨૦ વર્ષથી ઓળખતા હોવાથી વિશ્વાસના આધારે વ્યવહાર કરતા હતા. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૧ માર્ચ, ૨૦૨૪થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન આરોપીએ હિરેનભાઈ અને તેમના પુત્ર ડાર્વિન પાસેથી અલગ-અલગ સમયે અને અલગ-અલગ નામે કુલ રૂ. ૬૧.૬૪ લાખનાં સોનાનાં દાગીના ખરીદ્યાં હતાં. આ વ્યવહારોના કાચા બિલ બનાવવામાં આવ્યાં હતાં. તેમાંથી આરોપીએ હપ્તાવાર રૂ. ૩૯ લાખ ચૂકવ્યા હતા, જ્યારે બાકીના રૂ. ૨૨.૬૪ લાખ ત્રણ મહિનાની મુદતમાં ચૂકવી દેવા અને તે સમયે પાકાં બિલ બનાવવાની શરતે દાગીનાનું




વેચાણ કરવામાં આવ્યું હતું. જોકે, ડિસેમ્બર ૨૦૨૪માં વેપારીએ બાકી રકમની ઉઘરાણી કરતાં આરોપીએ રકમ ચૂકવવાને બદલે ગાળો આપી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ વેપારીની દુકાને તેમના જૂના ગ્રાહક નારણભાઈ આવ્યા ત્યારે આરોપીએ તેમની પાસેથી પણ સોનાનાં દાગીના ખરીદી નાણાં બાકી રાખ્યાં હોવાની જાણ થઈ હતી. આથી હિરેનભાઈ ધીનોજાએ ઉપલેટા પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફ્લિપકાર્ટનો ડિલિવરી બોય 12.53 લાખના 94 પાર્સલ ચોરી પલાયન

## ડિલિવરી દેવા નીકળ્યા બાદ ફોન બંધ કરી દીધો : યુનિવર્સીટી પોલીસમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ફ્લિપકાર્ટના ડિલિવરી બોય દ્વારા રૂ. ૧૨.૫૩ લાખની કિંમતનાં ૯૪ પાર્સલ લઈ ફરાર થઈ ગયાની ફરિયાદ નોંધાતાં ચકચાર મચી છે. ડિલિવરી માટે આશરે ૧૦૦ પાર્સલ લઈને નીકળેલા કર્મચારીએ માત્ર ૬ પાર્સલની ડિલિવરી કરી હતી, જ્યારે બાકીનાં ૯૪ પાર્સલની ડિલિવરી બાકી રહી ગઈ હતી. આ દરમિયાન કર્મચારીનો મોબાઇલ ફોન સ્વિચ ઓફ આવતાં કંપનીના રિપોર્ટમાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. મહેસાણામાં રહેતા અને છેલ્લા નવેક મહિનાથી રેપિડ ડ્રોપ નેક્સ્ટ ડિસ્ટ્રીબ્યુટર પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં એચ.આર. રિક્રૂટર ગુજરાત તરીકે નોકરી કરતા લલિતભાઈ ઈશ્વરભાઈ પરમાર (ઉં.વ. ૨૫)એ રાજકોટના મિહિર રમેશભાઈ વાઘેલા સામે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમની કંપની ફ્લિપકાર્ટ, ડોમિનોઝ અને બ્લિંકિટ જેવી કંપનીઓમાં ડિલિવરી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કરે છે. કંપની દ્વારા ગત ૭ સપ્ટેમ્બરથી મુંજકા ગામ ખાતે આવેલી ફ્લિપકાર્ટ શાખામાં મિહિર વાઘેલાને નોકરી પર રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ગત ૧૦ તારીખે કંપનીના ગ્રૂપમાં ફ્લિપકાર્ટના રાજકોટના સિનિયર ટી.એ. પાર્ટનર કાર્તિકભાઈએ મેસેજ કરીને જાણ કરી હતી કે મિહિર ૧૧ તારીખે મુંજકા ગામની ફ્લિપકાર્ટ શાખામાંથી આશરે ૧૦૦ પાર્સલ ડિલિવરી માટે લઈને નીકળ્યો હતો. જોકે, ત્યારબાદ તેનો મોબાઇલ ફોન સ્વિચ ઓફ આવતો હતો અને તેની સાથે સંપર્ક થઈ શકતો નહોતો. આ અંગે ફ્લિપકાર્ટ તરફથી મળેલા દૈનિક રિપોર્ટની તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે મિહિરે ૧૦૦ પાર્સલમાંથી માત્ર ૬ પાર્સલની જ ડિલિવરી કરી હતી. બાકીનાં ૯૪ પાર્સલની ડિલિવરી થવાની બાકી હતી. આ પાર્સલની કુલ કિંમત રૂ.




૧૨,૫૩,૦૨૯ હોવાનું સામે આવ્યું હતું. આટલી મોટી કિંમતનાં પાર્સલ લઈને મિહિર ક્યાં ગયો તેની કંપનીને કોઈ જાણકારી મળી નહોતી. બીજી તરફ, તેનો મોબાઈલ ફોન પણ સતત સ્વિચ ઓફ આવતો હોવાથી શંકા વધુ ઘેરી બની હતી. કંપનીને પાર્સલની ડિલિવરી અંગે કોઈ સંતોષકારક માહિતી ન મળતાં લલિતભાઈ પરમાર ગત ૧૨ તારીખે રાજકોટ આવ્યા હતા અને સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે મિહિર વાઘેલા સામે વધુ તપાસ હાથ ધરી છે. રૂ. ૧૨.૫૩ લાખથી વધુ કિંમતનાં ૯૪ પાર્સલનો પત્તો મેળવવા સહિતના મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે.

# મવડીમાં છરીના ઘા ઝીકી યુવકની હત્યા કરનાર સગીર સહીત ત્રણ ઝડપાયા

## બાઈક અથડાવવા મુદ્દે થયેલ ઝઘડાના સમાધાનમાં બોલાવી ઢીમ ઢાળી દીધું હતું

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના મવડીમાં બે દિવસ પૂર્વે મોડી રાત્રે અગાઉની માથાકૂટના સમાધાન માટે યુવકને બોલાવી છરીના ઘા ઝીકી કરપીણ હત્યા નિપજાવવા અંગે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે સગીર સહીત બે આરોપીની અને એલસીબીએ એક આરોપીની ધરપકડ કરી તાલુકા પોલીસને કબ્જો સોંપ્યો છે.

રાજકોટના મવડી પાળ રોડ પર આવેલ ટાઉનશિપમાં રહેતાં પરેશ ટાપાભાઈ ચૌહાણ ઉ.૨૮ નામનો યુવક રાત્રીના ઘરે હતો ત્યારે કોઈનો ફોન આવ્યો હતો અને મવડીના આંબેડકર ચોક પાસે આવવાનું કહેતા યુવક રાત્રીના ત્યાં પહોંચ્યો હતો દરમિયાન ત્યાં ઉભેલા રાધે તેમજ અનિલ ઉર્ફે કાનો અને તેમની સાથેના અન્ય બે અજાણ્યા શખ્સોએ ઝગડો કરી છરીના આડેધડ ઘા ઝીંકી દેતા યુવક ત્યાંજ ઢળી પડ્યો હતો. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થઈ જતા શખસો નાશી છૂટ્યા હતા અને કોઈએ ૧૦૮ અને પોલીસને જાણ કરતા પોલીસ અને ૧૦૮ ઘટના સ્થળે પહોંચી યુવકને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો પરંતુ સારવાર પૂર્વે જ દમ તોડી દેતા તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો હત્યાના ગુનાને અંજામ આપી નાસી છૂટેલા આરોપીઓને તાત્કાલિક પકડવા પોલીસ કમિશનર બ્રજેશ ઝાની સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ એસ ચાવડાની રાહબરીમાં જુદી જુદી ટીમોએ આંબેડકરનગરના ધર્મેશ ઉર્ફે રાધે હરેશભાઈ રાઠોડ અને એક સગીરની ધરપકડ કરી છે ધર્મેશ અગાઉ ૮ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે જયારે એલસીબી ઝોન ૨ના પીએસઆઇ એસ વી ચુડાસમા અને ટીમે અનિલ ઉર્ફે કાનો રમેશભાઈ પરમારની ધરપકડ કરી છે વધુ તપાસ ત્રણેય આરોપીઓનો કબ્જો તાલુકા પોલીસને સોંપવામાં આવતા પોલીસે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# આટકોટ પાસે બાઈકને બચાવવા જતાં કાર પલટી, રાજકોટનાં વૃદ્ધાનું મોત

## ગઢડા રહેતી શિક્ષિકા દીકરી અને એક વર્ષના દોહિત્રને ઈજા; સારવાર દરમિયાન માતાએ દમ તોડતાં પરિવારમાં શોક

સિટી ન્યૂઝ@આટકોટ

આટકોટ નજીક બળધોઇના પાટીયા પાસે ગઢડા પ્રાથમિક શાળાના શિક્ષીકાની કાર પલ્ટી મારી જતાં તેની સાથે કારમાં રહેતાં તેણીના એક વર્ષના દિકરા અને રાજકોટ રહેતાં તેણીના માતાને ઈજાઓ થઇ હતી. જેમાં માતાનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

જાણવા મળ્યા મુજબ રૈયા રોડ રૈયા ચોકડી અમૃતા હોસ્પિટલ પાછળ યોગીનગર-પમાં રૂદ્રાક્ષ નામના મકાનમાં રહેતાં ભાર્ગવીબેન સુધીરભાઇ જોષી (ઉ.વ.૫૭) ગઈકાલે જસદણના ગઢડા ગામે રહેતી અને ત્યાં પ્રાથમિક શાળામાં શિક્ષીકા તરીકે ફરજ બજાવતી દિકરી શ્વેતાબેન અંબરીશભાઇ દવેની સાથે તેણીની કારમાં બેસીને ગઢડા જવા નીકળ્યા હતાં. શ્વેતાબેન સાથે કારમાં માતા ભાર્ગવીબેન તેમજ તેણીનો દિકરો મૈત્રીય (ઉ.વ.૧) પણ હતાં. શ્વેતાબેન કાર ડ્રાઇવ કરી રહ્યા હતાં. એ દરમિયાન આટકોટ નજીક બળધોઇના પાટીયા પાસે પહોંચતા ખેતરમાંથી અચાનક ટુવ્હીલર આવતાં તેને બચાવવાના પ્રયાસમાં કાર પલ્ટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. બનાવને પગલે લોકો એકઠા થઇ ગયા હતાં અને કારમાંથી શ્વેતાબેન, તેમના માતા ભાર્ગવીબેન, દિકરા મૈત્રીયને ઈજાઓ થઇ હતી. શ્વેતાબેનનો બચાવ થયો હતો. નાની-દોહિત્રને સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ નાની ભાર્ગવીબેન જોષીએ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. બનાવની જાણ થતાં આટકોટ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી અને મૃતદેહનું રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર ભાર્ગવીબેન જોષીના પતિ સુધીરભાઇ જોષી કોટક કોલેજના નિવૃત પ્રોફેસર છે. દિકરી શ્વેતાબેનની નોકરી ગઢડા ખાતે હોઈ અને ત્યાં જ રહેતાં હોઈ તેણીના માતા ભાર્ગવીબેન દોહિત્રની સારસંભાળ માટે દિકરી શ્વેતાબેન સાથે ગઢડા જ રહેતાં હતાં. રાજકોટથી ગઢડા જતી વખતે બળધોઈના પાટીયે આ બનાવ બન્યો હતો.

**મારી નાખવાની ધમકી આપી નાસી છુટેલી બેલડીની પોલીસ દ્વારા શોધખોળ**

# ચુનારાવાડમાં યુવકને ગાળો ભાંડી સોનાના ચેઈન સહીત 1.70 લાખની લૂંટ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ચુનારાવાડમાં લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતા અને મજૂરી કરતા જેનીશભાઈ રાયધનભાઈ ચૌહાણ ઉ.૨૫એ લખન બચુ અને પ્રતાપ ઉર્ફે નાનીયો સામે ગાળો ભાંડી, મારી નાખવાની ધમકી આપી દોઢ લાખનો ચેઈન અને ૨૦ હજાર રોકડા સહીત ૧.૭૦ લાખની લૂંટ ચલાવવા અંગે થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૨ તારીખે રાત્રે હું ચુનારાવાડ ચોક પાસે પાનની દુકાનના ઓંટે બેઠો હતો ત્યારે લખન તથા પ્રતાપ મારી પાસે આવેલ અને મને મા-બહેન સમાણી ગાળો આપી કહેલ કે તારી પાસે પૈસા હોય તે અમને આપી દે અને આ ગળામાં પહેરેલ સોનાનો ચેઈન પણ અમને આપી દે જેથી મે તેને ના પાડતા બંને ધારદાર હથીયાર લઈને આવેલા અને મને ગાળો આપી હજી તને કહીએ છીએ કે પૈસા અને તે પહેર્યો છે તે ચેઈન આપી દે નહીંતર તને મારી નાખીને અમે લઈ લેશુ તો પણ મે ફરી ના પાડતા તે



બંનેએ મને ધારદાર હથીયારનો ઘા હથેળીના ભાગે મારી દેતા ઈજા થતા લોહી નીકળવા લાગ્યું હતું અને તે બંન્ને મને મારી નાખશે તેવી બીકમાં મે ગળામાં પહેરેલ સોનાનો ચેઈન આશરે દોઢેક તોલાનો જેની કિંમત દોઢ લાખ તથા મારા પેન્ટના ખિસ્સામાં રહેલા રોકડા ૨૦,૦૦૦ બીકમાં આપી દિધા હતા અને મે તેમને હાથ જોડીને કહ્યુ કે હવે મારી પાસે બીજું કાંઇ નથી મને મારતા નહીં અને ત્યાર પછી તે બંને ત્યાંથી જતા રહ્યા હતા અને ગુંદાવાડી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ફરિયાદ નોંધાવી હતી પીઆઇ સોઢા સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લગ્નના નામે પરિચય કેળવી નાણાકીય વ્યવહારોમાં છેતરપિંડીમાં રાજકોટ કોર્ટનો FIR નોંધવા નિર્દેશ

## 11 લાખની લેવડદેવડ, સોનાના દાગીના, કાર અને ચેક બાઉન્સ મામલે ભક્તિનગર પોલીસના અધિકારીઓ સહિત 5 સામે તપાસની માગ



**એડવોકેટ પૂજાબેન પી.રાવલ**

સિટી ન્યૂઝ@રાજકોટ

લગ્નસંબંધના હેતુથી પરિચય કેળવી રૂ. ૧૧ લાખની નાણાકીય લેવડદેવડ, સોનાના દાગીના, લોન અને કારની ખરીદી સંબંધિત વ્યવહારોમાં વિવાદ સર્જાયો હોવાના મામલે રાજકોટની અદાલતે FIR નોંધવા અને કાયદેસરની તપાસ હાથ ધરવા નિર્દેશ આપ્યો હોવાની પ્રેસનોટમાં માહિતી આપવામાં આવી છે. ફરિયાદી કેયુરભાઈ જયેશભાઈ જોશી દ્વારા રજૂ કરાયેલી ફોજદારી ફરિયાદ અરજી નં. ૬૬૭/૨૦૨૬માં તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અદાલતે પ્રાથમિક તપાસ અંગે હુકમ કર્યો હતો.

ફરિયાદી કેયુરભાઈ જોશીના જણાવ્યા મુજબ, ખ્યાતિબેન અનંતરાય ગોહેલ સાથે લગ્નસંબંધના હેતુથી પરિચય થયા બાદ રૂ. ૧૧ લાખની નાણાકીય લેવડદેવડ ઉપરાંત સોનાના દાગીના, લોન અને કારની ખરીદી સંબંધિત વ્યવહારો થયા હતા. આ વ્યવહારોમાંથી ઊભા થયેલા વિવાદ અને રકમ પરત મેળવવાના મુદ્દે તેમણે પોલીસ સમક્ષ રજૂઆતો કરી હતી.

ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરાયો છે કે સમાધાનના ભાગરૂપે આપવામાં આવેલો ચેક પરત ફરતાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જે હાલ પેન્ડિંગ છે. આ દરમિયાન ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૯ હેઠળ થયેલી કાર્યવાહીનો ઉપયોગ ચેક બાઉન્સની ફરિયાદ પાછી ખેંચાવવા દબાણ કરવા માટે કરવામાં આવ્યો હોવાનો પણ ફરિયાદી પક્ષે આક્ષેપ કર્યો છે.

આ ફોજદારી ફરિયાદમાં ખ્યાતિબેન અનંતરાય ગોહેલ, રોહિણીબેન મૌલિકભાઈ પટેલ તેમજ ભક્તિનગર પોલીસ સ્ટેશનના PI જયદીપસિંહ પરમાર, ASI નિલેશ મકવાણા અને PSI ચેતનાબેન ધીરુભાઈ અજોડિયા સામે કાયદેસરની તપાસ અને કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે.

પ્રેસનોટ મુજબ, અદાલતે ફરિયાદમાં રજૂ થયેલી હકીકતોના આધારે પ્રથમદર્શનીય રીતે કોગ્નિઝેબલ ગુનાની વિગતો જણાતી હોવાનું ધ્યાનમાં લઈ સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અનુસાર પાંચેય સામે FIR નોંધવા અને તપાસ હાથ ધરવા નિર્દેશ આપ્યો છે. હુકમમાં સુપ્રીમ કોર્ટના Lalita Kumari v. Government of Uttar Pradesh ચુકાદાનો ઉલ્લેખ કરીને કાયદાકીય પ્રક્રિયા અનુસરવા અંગે પણ જણાવાયું હોવાનું રજૂ કરવામાં આવ્યું છે.

ફરિયાદમાં નાણાકીય વ્યવહારો, ચેક, પ્રોમિસરી નોટ, વોટ્સએપ સંદેશાઓ, ડિજિટલ પુરાવાઓ તેમજ સંબંધિત વ્યક્તિઓ અને પોલીસ અધિકારીઓની ભૂમિકા અંગે તપાસ કરવાની માગ કરવામાં આવી છે. ફરિયાદી પક્ષ તરફથી એડવોકેટ પૂજાબેન પી. રાવલ રોકાયેલાં છે. ફરિયાદી પક્ષે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ થાય અને કાયદા મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

## આણંદ જિલ્લાના તારાપુરના ભાનુ નામના શખ્સની શોધખોળ

# પડધરીમાંથી 1 કરોડની એમ્બરગ્રીસ સાથે છ શખસોને એસઓજીએ ઝડપી લીધા

સિટી ન્યૂઝ@રાજકોટ




પડધરી હાઈવે પર આવેલી હોટલ નજીકથી એસઓજીએ ૧ કરોડની વ્હેલ માછલીની ઉલ્ટી એટલે કે એમ્બરગ્રીસ સાથે છ આરોપીઓને ઝડપી લીધા હતા. તમામ આરોપીઓ ગ્રાહકની શોધમાં આવી રહ્યા હતા ત્યારે ઝડપાઈ ગયા હતા. આણંદ જિલ્લાના તારાપુરના શખ્સનું નામ સપ્લાયર તરીકે ખૂલતા તેની શોધખોળ શરૂ કરાઈ છે.

એસઓજીએ બાતમી આધારે વોચ ગોઠવી સેલેરિયા કારને અટકાવી તપાસ કરતાં ૧ કિલો ૨૦ ગ્રામ એમ્બરગ્રીસ મળી આવી હતી. કાર, છ મોબાઈલ ફોન સહિત કુલ ૧.૦૧ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તે સાથે જ મોરબીના આરોપી ભાનુ ઉર્ફે ભાવેશ ચાવડા, મેહુલ જગદીશ રાઠોડ, વિજયસિંહ નારુભા ઝાલા, જામનગરના પ્રશાંત દિલીપભાઈ જાટ, ધર્મેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ કંચવા અને સાવન



ભરતભાઈ જાટની અટકાયત કરાઇ હતી. એસઓજીએ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે સૂત્રધાર ભાનુ મૂળ તારાપુરનો વતની છે . તારાપુરના કોઈ શખ્સ પાસેથી તે જ એમ્બરગ્રીસ લઈ આવ્યો હતો. જેના ગ્રાહકની હાલ તલાશમાં હતો. બાકીના પાંચેય આરોપીઓ તેને એમ્બરગ્રીસનો ગ્રાહક શોધવામાં, સેમ્પલ દેખાડવામાં અને સપ્લાય કરવામાં મદદ કરવાના હતા. કોઈ ગ્રાહકની તલાશમાં જ છએ આરોપીઓ પડધરી તરફ તપાસ નિયમ મુજબ ફોરેસ્ટ વિભાગ કરશે. રાજકોટ જિલ્લામાં એમ્બરગ્રીસનો આ પ્રથમ કેસ છે. એમ્બરગ્રીસના સેમ્પલ એફએસએલમાં મોકલી આપવા તજવીજ શરૂ કરાઈ છે. એમ્બરગ્રીસનો જથ્થો પ્લાસ્ટિકની થેલીમાં હતો.

# દિવ્યકલમ અખબારના તંત્રી અભિજીત બારૈયાના સુપુત્ર દિવ્યજીતનો જન્મદિવસ



સિટી ન્યૂઝ@રાજકોટ

'દિવ્યકલમ' અખબારના માલિક અને તંત્રી અભિજીત બારૈયાના સુપુત્ર ચિ. દિવ્યજીતનો તા. ૧૪.૧૦.૨૦૨૬ના રોજ જન્મદિવસ છે. માતા-પિતાના સ્વપ્નનો ચમકતો સિતારો, સંસ્કારનો અખૂટ દરિયો અને પોતાના નિખાલસ સ્મિત સાથે સૌને લાગણીથી આવકારતા લાડકવાયા દિવ્યજીતને તેમના જન્મદિને પરિવારજનો, સ્નેહીજનો તેમજ પત્રકાર જગતના અગ્રણીઓ-મિત્રો તરફથી જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ અને આશીર્વાદ પાઠવવામાં આવી રહ્યા છે.

# જેલર પંડ્યાએ સત્તાવાહી અવાજમાં કહ્યું તમારી બેરેક બદલવામાં આવી રહી છે ત્યાં તમારા આઠ સિવાય કોઈ નહિ હોય

મહંમદની બેરેકમાં મોટા સ્ટાફ સાથે આવી પહોંચેલા જેલર કૌશીક પંડયાના ચહેરા ઉપર ખીન્નતા હતી, મહંમદ અને તેના સાથીઓને કારણે તેમને જેલ આઈજીપી સામે નીચા જોવાનું થયું હતું. તે તેમની સાથે વાત કરવા ન્હોતા આવ્યા પણ આઈજીપી દ્વારા લેવામાં આવેલા નિર્ણયની બજવણી કરવા આવ્યા હતા. તેમણે મહંમદ અને તેના સાથીઓને કહ્યું સામાન પેક કરો અને અહીંથી નિકળો, મહંમદ તેની સામે જોઈ રહ્યો તેને ખબર હતી કે જો અત્યારે તે જેલર પંડયા સામે થોડો પણ ઢીલો પડયો તો પંડયા તેની ઉપર હાવી થઈ જશે, તેણે જેલર પંડયાને કડક અવાજમાં કહ્યું સર Sir જરા શાંતિથી વાત કરો અહીંથી નિકળી ક્યાં જવાનું છે તે સ્પષ્ટ કહો, પંડયાએ મહંમદ સામે જોયા વગર તેના બીજા સાથીઓ સામે જોઈ કહ્યું તમારી બેરેક બદલવામાં આવી રહી છે. હવે તમારી નવી બેરેકમાં તમારા આઠ સિવાય કોઈ જ હશે નહીં, એકલા રહેજો. યુનુસને આ નિર્ણય પસંદ આવ્યો ન્હોતો, તે કઈક બોલવા જતો હતો, પણ મહંમદે તેને આંખના ઈશારે શાંત રહેવાની સૂચના આપી, દસ મિનિટમાં મહંમદ અને તેના સાથીઓએ સામાન પેક કરી નાખ્યો. બેરેકમાં રહેલા બીજા કેદીઓ તેમને જોઈ રહ્યા હતા તેમને તો ખબર જ ન્હોતી કે મામલો શું છે. બધાનો સામાન પેક થઈ જતા તેમને લઈ જેલ પોલીસ છોટા ચક્કરની પાંચ નંબરની બેરેકમાં પહોંચી હતી, બેરેક વિશાળ હતા, પણ હવે તેમાં માત્ર આ આઠ કેદીઓ જ રહેવાના હતા.

મહંમદને છોડી બધાએ જ્યારે બેરેક જોઈ ત્યારે તેમને મનમાં ગુસ્સો આવ્યો, પણ મહંમદની નજર બેરેકની નજીકના ખુલ્લા મેદાન, તેને લાગેલા દરવાજા અને આસપાસની દિવાલોને જોઈ રહી હતી. ત્યાં સુધી બંદીનો પણ સમય થઈ ગયો હતો જેના કારણે બેરેક નંબર પાંચમાં જેની વોર્ડન તરીકે નોકરી હતી તે કેદી સીપાઈ સાથે બેરેકને તાળું મારી જતો રહ્યો હતો, બધા પોતાની નવી બેરેકમાં સામાન ગોઠવી રહ્યા હતા, પણ મહંમદ પોતાના બીસ્તરા ઉપર સામાનને બાજુમાં રાખી બેઠો કઈક વિચારી રહ્યો હતો. બેરેક બદલવાનો નિર્ણય બધા જ માટે આશ્ચર્યજનક હતો,




સામાન મુકી બધા મહંમદની આસપાસ આવી બેઠા, યુસુફે પુછ્યું મેજર આપણને બેરેકમાં બધા કરતા જુદા કેમ પાડયા, મેજરે તેની સામે જોયું પરવેઝે પણ યુસુફના પ્રશ્નને સમર્થન આપતા કહ્યું મેજર આ બરાબર થયું નથી, હવે આગલી મુદતે કોર્ટને કહેવું પડશે. મહંમદ બેરેકના બંધ દરવાજા સામે જોયું તેને ખબર હતી કે ત્યાં કોઈ નથી, છતાં તેણે ખાતરી કરવા માટે જોઈ લીધુ હતું દરવાજા બહાર સાંજના અંધારાએ જગ્યા લઈ લીધી હતી. મહંમદે પહેલા બધાની સામે વારાફરતી જોયું અને પછી એકદમ ઊભો થયો અને નાચવા લાગ્યો.મહંમદને નાચતો કોઈએ જોયો ન્હોતો, બધા તેની સામે આશ્ચર્ય સાથે જોવા લાગ્યા, તેણે પોતાના સાથીઓના ચહેરા ઉપરના પ્રશ્ન વાંચતા કહ્યું મારી અપેક્ષા કરતા પણ વધુ સારૂ કામ થયું છે, તીર નિશાન ઉપર વાગ્યું છે. કોઈક કશું જ સમજ્યા નહીં, મહંમદ ફરી બીસ્તરા ઉપર બેઠો, તેણે તેના સાથીઓ પાસે મોંઢુ લાવી હવે તે શું કરવા માગે છે તે કહેવાની શરૂઆત કરી, મહંમદ વાત કરતા કરતા બધાના ચહેરા ઉપરની રીએકશન જોઈ રહ્યો હતો, પણ બધાના ચહેરા ગંભીર હતા. કદાચ તેમને હજી મહંમદ જે કહી રહ્યો છે તે કેવી રીતે શક્ય બનશે તે અંગે શંકા પણ હતી. જ્યારે યુસુફ અને પરવેઝના ચહેરા ઉપર ડર સાથે અસંમજ પણ તેણે જોઈ હતી, એટલે જ તેણે પોતાની વાત પુરી કર્યા પછી યુસુફ અને પરવેઝને હિંમત આપતા કહ્યું ડર કે જીના મેરી ફીતરત નહીં., ઔર મે આપને સાથે કમજોર સાથીઓ કો ભી નહીં રખતા, પરવેઝ કઈ પુછવા જતો હતો, મહંમદે તેના મોંઢા સામે હાથ ધરી હસતા હસતા કહ્યું મેરે લંગડે બહુત સૌચતા હૈ. અબ સો જાવ કલ એક નઈ સુબહ હમારા ઈંતઝાર કરતી હોંગી, બધા પોતાની જગ્યા ઉપર સુવા માટે જતા રહ્યા બેરેકની બરાબર વચ્ચે સળગી રહેલો એક નાનકડો બ્લબ મહંમદને કંપની આપવા માટે જાગી રહ્યો હોય તેવું લાગ્યું, મહંમદ અને યુનુસ બાજુ બાજુમાં સુતા હતા. યુનુસે પોતાની આંખ ઉપર આવી રહેલા નાનકડા બ્લબના ઝાંખા પ્રકાશને રોકવા માટે આંખો ઉપર આડો હાથ મુકયો હતો. મહંમદે ખાતરી કરવા તેની આંખો ઉપર


પ્રશાંત દયાળ

રહેલા હાથને હળવો સ્પર્શ કરતા પુછ્યુ મહંમદ સુઈ ગયો.. મહંમદે આડો હાથ હટાવી લીધો, તેના ચહેરા ઉપર એક હળવું સ્મીત આવ્યું તેણે પુછ્યું તે જે વાત કરી તેના પછી તરત કેવી રીતે ઉંઘ આવે, મહંમદે તેને ઈશારો કર્યો અને તે ઊભો થઈ લોંખડ બંધ દરવાજા પાસે જઈ ઊભો રહ્યો. યુનુસ પણ તેની પાછળ આવ્યો, મહંમદને હતું કે તેના અવાજને કારણે તેના સાથીઓ જાગી જશે. એટલે તે તેમનાથી દુર દરવાજા પાસે લોંખડના સળીયા પકડી ઊભો હતો, તેની નજર બહારની તરફ હતી. તે જેલની બહારની શાંતિને જોઈ રહ્યો હતો, ક્યારેક તેને બેરેકના કેમ્પસની બહાર પહેરો ભરવા ચાલી રહેલા સીપાઈના બુટનો અવાજ સંભળાતો હતો, પણ કોઈ નજરે પડતુ ન્હોતું.

મહંમદ પણ તેની પાસે આવી ઊભો રહ્યો, તેણે લોંખડના દરવાજાની વચ્ચે રહેલા મજબુત સળીયા બે હાથે પકડયા અને મહંમદની જેમ બહાર નજર રાખી પુછ્યું મેજર તમને ખરેખર લાગે છે કે આપણે એક દિવસ અહીંથી બહાર નિકળી જઈશું.. મહંમદે પહેલા યુનુસ સામે જોયું અને પછી સુઈ રહેલા પરવેઝ અને યુસુફ સામે જોતા કહ્યું નિકળવું તો પડશે, આપણે કોઈની ખાતર પણ અહીંથી બહાર જવું પડશે, મહંમદે લોંખડના મજબુત સળીયા ઉપર પોતાના પંજાની ભીંસ વધારતા યુનુસ સામે જોયા વગર કહ્યું આ લોંખડી દરવાજા પણ મને હવે લાંબો સમય અંદર રાખી શકશે નહીં. યુનુસ મેજરના આત્મવિશ્વાસનો અનુભવ કરી રહ્યો હતો, પણ ખબર નહીં તેની અંદર મેજર જેવો આત્મવિશ્વાસ ન્હોતો, પણ તેને મેજર પર ભરોસો હતો અને મેજરે હમણાં સુધી જે ગણિતો માંડયા તે પ્રમાણે જ થયું હતું, મેજરે કોર્ટમાં કુરાન ફાડી નાખવાની ખોટી ફરિયાદ કરી તેની પાછળ તે પોતાની અને પોતાના સાથીઓથી જેલ સીપાઈને અલગ કરવા માગતો હતો, હવે તો તે જેલ સીપાઈ અને અન્ય કેદીઓથી પણ અલગ થઈ ગયા હતા, યુનુસને લાગી રહ્યુ હતું કે મેજર જેવું કહે છે તેવું જ થઈ રહ્યું છે પણ તેને એકમદ ધ્રાસ્કો પડતો હતો કે જો હવે મેજરે કહ્યું તેવું ના થયું તો શું થશે તે કલ્પના તેને ધ્રુજાવી નાખતી હતી, યુનુસ આ વિચાર કરી રહ્યો હતો ત્યારે મેજરનો વિશાળ અને મજબુત પંજો યુનુસના ખભા ઉપર આવ્યો તેણે તેને ખભો પકડતા કહ્યું બહુ વિચાર કરીશ નહીં, પણ સહેજ હસ્યો અને કહ્યું વિચાર કરવાનું કામ મારૂ છે, આવતીકાલથી આપણું કામ શરૂ થઈ જશે, ચાલ હવે આપણે સુઈ જઈએ, મહંમદ સુવા માટે આગળ વધ્યો અને એક ડગલુ ચાલી રોકાયો તેણે મહંમદને કહ્યું આપણે બધાએ જ ધ્યાન રાખવાનું છે કે આપણું જે રૂટીન હતું ખાસ કરી ભણવાનું અને રમવાનું તેમાં કોઈ ફેરફાર થવો જોઈએ નહીં. (ક્રમશ)

# રાજકોટ ગુડ્સ શેડમાં પ્રથમ વખત આયોડાઈઝ્ડ મીઠાનું લોડિંગ

## 20 વેગનમાં આશરે 1,260 મેટ્રિક ટન મીઠું બિહારના ફતુહા મોકલવામાં આવ્યું; રેલવેને 27 લાખની આવક થઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**




પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને માલવાહક પરિવહનના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. રાજકોટ ગુડ્સ શેડ ખાતે પ્રથમ વખત આયોડાઇઝ્ડ મીઠાનું (Iodised Salt) લોડિંગ કરવામાં આવ્યું. ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ૨૦ વેગનમાં આશરે ૧,૨૬૦ મેટ્રિક ટન આયોડાઇઝ્ડ મીઠું લોડ કરીને બિહારના ફતુહા માટે રવાના કરવામાં આવ્યું હતું. આશરે ૧,૮૭૬ કિલોમીટરના અંતર માટે કરવામાં આવેલા આ માલ પરિવહનથી રેલવેને અંદાજે ૨૭ લાખની આવક પ્રાપ્ત થઈ છે.રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ માલસામાનનું સંચાલન સીટીએ લોજિસ્ટિક્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે મેસર્સ નિર્મા લિમિટેડ આ કન્સાઈનમેન્ટની મોકલનાર (Consignor) તેમજ મેળવનાર (Consignee) કંપની છે.રાજકોટ ગુડ્સ શેડમાં પ્રથમ વખત આયોડાઇઝ્ડ મીઠાનું લોડિંગ એ રાજકોટ ડિવિઝનની બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (Business Development Unit BDU) ના અધિકારીઓ અને કર્મચારીઓના સતત પ્રયાસોનું પરિણામ છે. વાણિજ્યિક અને સંચાલન (ઓપરેટિંગ) વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ પરસ્પર સમન્વય, વ્યાપારી સંભાવનાઓની ઓળખ અને નવી ચીજવસ્તુઓને રેલ પરિવહન સાથે જોડવા માટે સતત પ્રયત્નો કર્યા હતા. આ સંકલિત પ્રયાસોથી એક નવી ચીજવસ્તુનું લોડિંગ શક્ય બન્યું છે, જેનાથી ડિવિઝનના માલવાહક ટ્રાફિકના વિસ્તરણ અને આવક વૃદ્ધિને પ્રોત્સાહન મળ્યું છે.રાજકોટ ડિવિઝન દ્વારા નવા ગ્રાહકોને રેલવે સાથે જોડવા, વિવિધ ચીજવસ્તુઓના લોડિંગની શક્યતાઓ ચકાસવા અને વ્યાપારી એકમોને રેલ પરિવહન માટે પ્રોત્સાહિત કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આવી પહેલથી રેલવેની નૂર આવકમાં વધારાની સાથે-સાથે વ્યાપારી સંસ્થાઓને લાંબા અંતર સુધી માલ પરિવહન માટે રેલ સેવાઓનો લાભ લેવાની તક મળે છે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, “રાજકોટ ગુડ્સ શેડમાંથી પ્રથમ વખત આયોડાઇઝ્ડ મીઠાનું લોડિંગ એ અમારી બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટના સતત પ્રયાસો અને વાણિજ્યિક તેમજ સંચાલન વિભાગોના ઉત્કૃષ્ટ સમન્વયનું પરિણામ છે. આવા પ્રયાસો નવા માલવાહક ટ્રાફિકની તકો ઊભી કરવા અને રેલવેની આવક વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.”

### બોગસ મેડિકલ સર્ટિફિકેટથી નોકરી મેળવ્યાનો આક્ષેપ

# રાજકોટ મનપા સામે કામદાર યુનિયનની હાઈકોર્ટમાં લડત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સફાઈ કામદારોની ભરતી પ્રક્રિયાને લઈને વિવાદ ઊભો થયો છે. રાજકોટ કામદાર યુનિયન દ્વારા ભરતીમાં કથિત ગેરરીતિ અને બોગસ મેડિકલ સર્ટિફિકેટના આધારે નોકરી મેળવવાના આક્ષેપો સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ મામલે યુનિયને શ્રમિકોના હિતોના રક્ષણ માટે કાનૂની લડત શરૂ કરી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલી યાદીમાં શારીરિક અશક્તતાના કારણે સ્વૈચ્છિક રાજીનામું આપનાર સફાઈ કામદારોનાં આશ્રિત કુટુંબના સભ્યોને 'સફાઈ સહાયક' તરીકે નોકરી આપવા માટેની યાદી જાહેર કરવામાં આવી હોવાનું યુનિયનના નિવેદનમાં જણાવાયું છે. આ યાદીમાં સામેલ કેટલાક વ્યક્તિઓની પાત્રતા અને મેડિકલ સર્ટિફિકેટ અંગે યુનિયને સવાલો ઉઠાવ્યા છે.યુનિયનનો આક્ષેપ છે કે કેટલાક વ્યક્તિઓએ કથિત રીતે બોગસ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરીને ગેરકાયદેસર રીતે નોકરી મેળવી હોવાની ફરિયાદ સામે આવી છે. આ અંગે યુનિયન દ્વારા સંબંધિત દસ્તાવેજો અને પુરાવાઓ સાથે રાજકોટ મહાનગરપાલિકાને રજૂઆત કરવામાં આવી હતી. યુનિયનના જણાવ્યા અનુસાર, ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય અને લાયક ઉમેદવારોને અન્યાય ન થાય તે હેતુથી આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.આ મામલે રાજકોટ કામદાર યુનિયન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટના કેસ રેકોર્ડ મુજબ, અરજીનો ફાઈલિંગ નંબર SCA/૩૦૨૪૨ /૨૦૨૬ છે, જ્યારે રજિસ્ટ્રેશન નંબર SCA/૧૪૯૭૮/ ૨૦૨૬ દર્શાવવામાં આવ્યો છે. કેસનો CNR નંબર GJHC૨૪૦૭૨૨ ૩૫૨૦૨૬ છે. કેસની આગામી સુનાવણીની તારીખ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ નિર્ધારિત કરવામાં આવી છે.રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાએ જણાવ્યું છે કે શ્રમિકોના હકોનું રક્ષણ કરવા અને ભરતી પ્રક્રિયામાં કથિત ગેરરીતિ સામે ન્યાય મેળવવા માટે યુનિયન કાનૂની લડત ચાલુ રાખશે. હવે આ મામલે હાઈકોર્ટમાં થનારી સુનાવણી પર સૌની નજર રહેશે. જોકે, ભરતીમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપોની સત્યતા અને તેની કાનૂની જવાબદારી અંગે અંતિમ નિર્ણય ન્યાયિક પ્રક્રિયા બાદ જ સ્પષ્ટ થશે.

# રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટરમાં ચાર આધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટરના નિર્માણનો શુભારંભ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



નવરાત્રિના પવિત્ર બીજા નોરતાના શુભ અવસરે રામકૃષ્ણ આશ્રમ મેડિકલ સેન્ટરમાં ચાર અતિઆધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટરના નિર્માણ કાર્યનો શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. આ પહેલ સંસ્થાની આધુનિક, ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને પરવડે તેવી નેત્ર સારવારની સેવાઓને વધુ સુદૃઢ બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પ્રસંગે આશ્રમ અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીના હસ્તે શિલાન્યાસ વિધિ સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં આશ્રમના સંન્યાસીઓ, બ્લાઈન્ડ ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયાના કિશોરલાલ શાહ, નેત્રરોગના નિષ્ણાત સર્જનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પરંપરાગત ભૂમિપૂજન અને વાસ્તુપૂજનની વિધિઓ પણ યોજાઈ હતી. નવી સુવિધાઓમાં આધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર ટેક્નોલોજી સાથે NABH ધોરણોને અનુરૂપ ગુણવત્તા, સ્વચ્છતા અને દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરતી વ્યવસ્થાઓ વિકસાવવાનું આયોજન છે. વિવેકાનંદ આઈ કેર વિભાગનો મુખ્ય ઉદ્દેશ સમાજના તમામ વર્ગોને, ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને, જ્ઞાતિ, ધર્મ, સમુદાય કે આર્થિક પરિસ્થિતિના કોઈપણ ભેદભાવ વિના ગુણવત્તાયુક્ત અને પરવડે તેવી નેત્ર સારવાર પૂરી પાડવાનો છે. સેવાભાવ અને માનવકલ્યાણના આદર્શોને કેન્દ્રમાં રાખીને વિભાગ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને શ્રેષ્ઠ નેત્ર સારવાર ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નો કરવામાં આવે છે. વિભાગમાં દરરોજ ૧,૦૦૦થી વધુ દર્દીઓ નેત્રરોગની તપાસ, સારવાર અને નિષ્ણાત પરામર્શ માટે આવે છે. અહીં દરરોજ ૫૦થી વધુ મોતિયાના ઓપરેશન ઉપરાંત અન્ય વિવિધ નેત્રરોગ સંબંધિત જટિલ અને જરૂરી શસ્ત્રક્રિયાઓ પણ કરવામાં આવે છે. આ વ્યાપક આરોગ્ય સેવાઓ સાત પૂર્ણકાલીન વરિષ્ઠ નેત્રરોગ સર્જનોની સમર્પિત ટીમ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ચાર નવા અતિઆધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટરના નિર્માણથી વિભાગની શસ્ત્રક્રિયા ક્ષમતામાં વધારો થશે અને દર્દીઓને વધુ સુવ્યવસ્થિત, સુરક્ષિત તથા ગુણવત્તાયુક્ત નેત્ર સારવાર પૂરી પાડવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટ રાજકોટ અને આસપાસના વિસ્તારો ઉપરાંત દૂરદૂરથી આવતા દર્દીઓ માટે પણ આધુનિક નેત્ર સારવારની સુવિધાઓને વધુ સુલભ બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ યોગદાન સાબિત થશે.

# રામદરશ મિશ્રના સાહિત્યિક પ્રદાનને વંદનઃ રાજ્યસ્તરીય સંગોષ્ઠિ યોજાઈ

## 150થી વધુ અધ્યાપકો–શોધાર્થીઓ અને 300થી વધુ સ્પર્ધકોએ આપી સાહિત્યિક શ્રદ્ધાંજલિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**




હિન્દી સાહિત્ય અકાદમી ગુજરાત અને કણસાગરા કોલેજ આયોજિત રાજ્ય સ્તરીય સેમીનાર માં ૧૫૦ થી વધુ અધ્યાપકો, શોધાર્થીઓ અને ૩૦૦થી વધુ સ્પર્ધકોએ રામદરશ મિશ્ર ને આપી સાહિત્યિક શ્રદ્ધાંજલિ... હિન્દી સાહિત્ય અકાદમી - ગુજરાત અને શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કૉલેજ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે હિન્દી સાહિત્યના પ્રખ્યાત સાહિત્યકાર શ્રી ડૉ. રામદરશ મિશ્રના સાહિત્યિક પ્રદાનને બિરદાવવા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા રામદરશ મિશ્ર : વ્યક્તિ એક રંગ અનેક વિષય પર એક દિવસીય રાજ્ય સ્તરીય સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગોષ્ઠિમાં હિન્દી સાહિત્યમાં ડૉ. રામદરશ મિશ્રના અનન્ય યોગદાન અને તેમના સર્જન વિષયક વિવિધ પાસાંઓ પર સનિષ્ઠ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ અવસરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડૉ. ઉત્પલ જોશીએ ભારતીય ભાષાઓ અને સાહિત્યની સમૃદ્ધિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, સાહિત્ય એ આપણી સંસ્કૃતિની સાચી ઓળખ છે. આ પ્રસંગે તેમણે સાહિત્યકાર રામદરશ મિશ્રના સાહિત્યિક પ્રદાન, સંવેદનાઓ અને ચિંતનને યાદ કરીને વંદન કર્યા હતા. કુલપતિશ્રીએ આજના આધુનિક યુગમાં નવી પેઢી અને ટેકનોલોજીના પ્રભાવ વિશે વાત કરતા જણાવ્યું હતું.

# ત્રણ શખ્સોએ ન્યારાના રસ્તે માલવાહક વાહનના ચાલકને સ્પ્રે છાંટી 72 હજારની લૂંટ

સિટી ન્યૂઝ@રાજકોટ

પડધરી નજીક ઈશ્વરિયાથી ન્યારા ગામમાં રહેતાં મોતીભાઈ ચાવડીયા ઉ.૩૬ ગઈકાલે માલવાહક વાહનમાં લોધિકાના છાપરા ગામેથી માલ ભરી જેતપુર ખાતે ઉતારવા ગયા હતા. સાંજે જેતપુરથી ઘરે આવવા રવાના થયા હતા. રસ્તામાં ગરનાળા ગામે રહેતાં મિત્ર મેહુલભાઈને ત્યાં ચા-પાણી પીધા હતા. ઈશ્વરિયાથી ન્યારા ગામ વચ્ચેથી પસાર થતા હતા ત્યારે બાઈક ઉપર ત્રણ શખ્સોએ બે-ત્રણ વખત તેને ઓવરટેઈક કર્યો હતો. તે વખતે રાતના ૧૦.૩૦ વાગ્યા હતા. અચાનક બાઈક સવારોએ તેની નજીક જઈ ગાડી સાઈડમાં રાખવાનું કહ્યું હતું. પરંતુ તેણે ગાડી ભગાડી મુકતાં એક શખ્સે હાથ વડે ડ્રાઈવર સાઈડનો કાચ તોડી નાખ્યો હતો. તે સાથે જ ગાડી સાઈડમાં રાખી નીચે ઉતરતા જ બાઈક સવારોએ તેની ઉપર સ્પ્રે છાંટ્યું હતું. જેને કારણે આંખોમાં બળતરા થતાં મારકૂટ કરી ખિસ્સામાંથી ૯૮૦૦ રોકડા, ચાંદીનું કડુ, ચાંદીની વીંટી કાઢી લીધી હતી. એટલું જ નહીં શર્ટના ખિસ્સામાંથી મોબાઈલ કાઢી ત્યાંજ ફેંકી દીધો હતો. ત્યારબાદ ત્રણેય શખ્સો બાઈક ઉપર ભાગી ગયા હતા. મોબાઈલ શોધી મિત્ર વનરાજને અને પરિવારજનોને કોલ કર્યા બાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HD FIRE PROTECT | 13/10 | 15/10 | 258 - 271 | 55 | 14,905 |
| FUSION CX | 14/10 | 16/10 | 275 - 289 | 51 | 14,739 |
| SAHAJANAND MEDICAL TECHNOLOGIES | 15/10 | 19/10 | 327 - 344 | 43 | 14,792 |
| BONFIGLIOLI TRANSMISSIONS | 15/10 | 19/10 | 558 - 586 | 25 | 14,650 |
| ZETWERK MANUFACTURING BUSINESS | 15/10 | 19/10 | 143 - 151 | 99 | 14,949 |
| TONBO IMAGING INDIA | 15/10 | 19/10 | 665 - 700 | 21 | 14,700 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| VAIBHAV VYAPAAR | 13/10 | 15/10 | 51 - 54 | 4000 | 2,16,000 |
| RAVITA ENGINEERING SERVICES | 14/10 | 16/10 | 105 - 112 | 2400 | 2,68,800 |
| SHELLZ INDIA | 15/10 | 19/10 | 170 - 179 | 1600 | 2,86,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- TATA ELXSI કામગીરીમાંથી કુલ આવકઃ વધીને ૧,૦૫૫.૬૬ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં (Q૨ FY૨૬) ૯૧૮.૧૦ કરોડ હતી. આમ, વાર્ષિક ધોરણે આવકમાં ૧૫% નો અને ત્રિમાસિક ધોરણે ૩.૪% નો વધારો થયો છે. ચોખ્ખો નફોઃ ૧૦% વધીને ૧૭૦.૩૦ કરોડ થયો છે, જે ગયા વર્ષ ૧૫૪.૮૨ કરોડ હતો. જોકે, અગાઉના ક્વાર્ટર (Q૧ FY૨૭ ના ૧૭૦.૬૦ કરોડ) ની સરખામણીએ નફામાં ૦.૨% નો સામાન્ય ઘટાડો નોંધાયો છે. કંપનીનો EBITDA વધીને ૨૩૧.૪ કરોડ થયો છે, જે અગાઉના ક્વાર્ટર કરતાં ૭.૧% વધુ છે. કંપનીનું ઓપરેટિંગ માર્જિન પણ ૭૦ બેસિસ પોઈન્ટ્સ સુધરીને ૨૧.૯% પર પહોંચ્યું છે.
- TRANSFORMERS AND RECTIFIERS INDIA કામગીરીમાંથી કુલ આવકઃ ૭૩૯.૪૪ કરોડ રહી છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં (Q૨ FY૨૬) ૪૬૦.૦૩ કરોડ હતી. આમ, વાર્ષિક ધોરણે આવકમાં ૬૦.૭૫% નો ઉછાળો જોવા મળ્યો છે. ચોખ્ખો નફોઃ વધીને ૮૧.૩૮ કરોડ થયો છે, જે ગયા વર્ષના આ જ ગાળામાં ૩૩.૯૧ કરોડ હતો. વાર્ષિક ધોરણે નફામાં ૧૧૯.૯૫% નો વધારો નોંધાયો છે.
- HERO MOTORS કામગીરીમાંથી કુલ આવકઃ ૨૪.૯% વધીને ૩૧૯.૩ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં (Q૨ FY૨૬) ૨૫૫.૭ કરોડ હતી. ચોખ્ખો નફોઃ કંપનીના ૧૧૫.૩% નો ઉછાળો જોવા મળ્યો છે. નફો વધીને ૧૦.૨ કરોડ થયો છે, જે ગયા વર્ષના આ જ ગાળામાં ૪.૭ કરોડ હતો. કંપનીનો ઓપરેટિંગ નફો (EBITDA) ૯૩% ના વધારા સાથે ૩૫.૯ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૮.૬ કરોડ નોંધાયો હતો. કંપનીના ઓપરેટિંગ માર્જિનમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. વાર્ષિક ધોરણે EBITDA માર્જિન ૭.૩% થી વધીને ૧૧.૨% થયું છે.
- ANAND RATHI SHARE & STOCK BROKERS કામગીરીમાંથી કુલ આવકઃ ૨૦.૨૫% વધીને ૨૭૩.૨૧ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૨ FY૨૬) ૨૨૭.૨૦ કરોડ હતી. ચોખ્ખો નફોઃ ૫૦.૩% ના ઉછાળા સાથે ૪૧.૯૩ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૨૭.૯૦ કરોડ હતો. કંપનીનો EBITDA વધીને ૯૯.૯ કરોડ થયો છે, જે ગયા વર્ષના બીજા ક્વાર્ટરમાં ૯૨.૬ કરોડ હતો. જોકે, ઓપરેટિંગ ખર્ચ વધવાને કારણે EBITDA માર્જિન ગયા વર્ષના ૪૦.૭૬% થી સામાન્ય ઘટીને ૩૭% રહ્યું છે.
- જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક લિ.ની ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને અર્ધવાર્ષિક ગાળાના નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- નેલ્કો લિ.ની ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને અર્ધવાર્ષિક ગાળાના નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- ટાટા કેપિટલ લિ.ની ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને અર્ધવાર્ષિક ગાળાના નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- એચએફસીએલ લિ.ની બોર્ડ મીટિંગ ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- લાર્સન એન્ડ ટૂબ્રો લિ.ની બોર્ડ મીટિંગ ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**